सत्यमेव जयते

**ગુજરાત રાજ્ય**

# ૨૦૧૨-૧૩ ના વર્ષ માટેનો
# મહાનગરપાલિકા ઓડિટ અહેવાલ

**નિરીક્ષક,**
**સ્થાનિક ભંડોળ હિસાબ,**
**બ્લોક નં.૧૭,ડો.જીવરાજ મહેતા ભવન,**
**ગુજરાત રાજ્ય, ગાંધીનગર–૩૮૨૦૧૦**

# પ્રસ્તાવના

રાજય સરકારશ્રીના તા. ૦૪/૦૫/૨૦૧૧ ના રાજયપત્ર (અસાધારણ) માં પ્રસિધ્ધ થયેલા વર્ષ : ૨૦૧૧ ના ગુજરાત અધિનિયમ ક્રમાંક-૨૧ મુજબ માં જણાવ્યા મુજબ, ગુજરાત પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમની કલમ-૧૦૮(ક) માં દાખલ કરેલ પેટા કલમ (૧) મુજબ મ્યુનિસિપલ કોર્પોરેશનના હિસાબોનું ઓડીટ ગુજરાત સ્થાનિક ફંડ ઓડીટ અધિનિયમ, ૧૯૬૩ની જોગવાઇઓ હેઠળ કરવાની તથા પેટાકલમ (૨) થી મહાનગરપાલિકાના ઓડિટ પરના ટેકનીકલ માર્ગદર્શન અને દેખરેખ પરની કામગીરી ભારતના કોમ્પટ્રોલર અને ઓડિટર જનરલને સુપરત કરેલ છે. જે અન્વયે ગુજરાત સ્થાનિક ફંડ ઓડિટ અધિનિયમ-૧૯૬૩ હેઠળ ઓડિટ અહેવાલ રાજ્ય વિધાનસભા સમક્ષ અહેવાલ રજુ કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે.

નાણા વિભાગના તા.૨૩/૧૨/૨૦૧૧ના ઠરાવથી વર્ષ ૨૦૧૦-૧૧થી રાજયની તમામ મહાનગરપાલિકાઓના હિસાબોની તપાસણી ગુજરાત સ્થાનિક ફંડ ઓડિટ અધિનિયમ-૧૯૬૩ ની જોગવાઈ મુજબ નિરીક્ષક, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજય ગાંધીનગરને સુપરત કરવામાં આવેલ છે. જે અન્વયે અત્રેની કચેરીની વિભાગીય નાયબ નિરીક્ષકશ્રીઓની કચેરી તેમજ જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીની કચેરીઓ મારફત રાજયની ૮ (આઠ) પૈકી ૭ (સાત) મહાનગરપાલિકાઓનુ સને. ૨૦૧૨-૧૩ ના વર્ષનુ ઓડિટ પૂર્ણ  કરવામાં આવેલ છે. ઉક્ત ઓડીટ દરમ્યાન ધ્યાને આવેલ મહત્વના અવલોકનો સમાવતો વિધાનસભામાં રજુ કરવાનો અહેવાલ નિરીક્ષક, સ્થાનિક ભંડોળ હિસાબ દ્વારા તૈયાર કરવામાં આવેલ છે.

ગુજરાત પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ મુજબ મહાનગરપાલિકાઓને સોપાયેલી ફરજો અને કાર્યો. જેવા કે જાહેર બાંધકામ, શિક્ષણ સુવિધા, જાહેર આરોગ્ય તથા સફાઈ, વિકાસ, નગર આયોજન, વહીવટ, ગરીબ તથા નબળા વર્ગો માટે આવાસ, આરોગ્ય વિગેરે સુવિધાઓ, પાણી પુરવઠા, જાહેર સલામતી, દીવાબતી, ગટર વ્યવસ્થા, રસ્તાઓ બનાવવા તથા નિભાવવા, ચેપી રોગ નિયંત્રણ, બાગ બગીચા તથા જાહેર શિક્ષણ તથા મનોરંજન વિગેરે બાબતોએ કરવામાં આવતી નાગરીક સુવિધાની તેમજ મળવાપાત્ર વેરાઓની ફી દંડ મિલ્કતોથી ભાડા વિગેરેની ઉપજો-આવકો તેમજ રાજય સરકારશ્રી માંથી મળતી વિવિધ ગ્રાન્ટ તેમજ તેના સંબંધિત હેતુ મુજબ ઉપયોગ વિગેરે સંબંધે ધ્યાને આવેલ ઓડિટ અવલોકનો આ અહેવાલમાં દર્શાવેલ છે.

સદરહું અહેવાલ તૈયાર કરતા પહેલા જે તે ઓડિટ ફકરાઓની નકલ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય ના ઠરાવ ક્રમાંક: મનઅ-૮૦૨૦૧૫-૨૮૧૧-પી તા.૩૧/૦૭/૨૦૧૫માં જણાવ્યા મુજબ સંબંધિત મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનરશ્રી, સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, (વહિવટી વિભાગ) ગાંધીનગરને સમય મર્યાદામાં પૂર્તતા કરવા જણાવવામાં આવેલ અને તે સંદર્ભે મળેલ જવાબો/પૂર્તતા અને વિગતોને લક્ષમાં લઈ જે તે બાબતે પ્રવર્તતી છેવટેની સ્થિતી દર્શાવવા કાળજી લઈને આ અહેવાલ તૈયાર કરવામાં આવેલ છે.

આર.ટી.શાહ

નિરીક્ષક
સ્થાનિક ભંડોળ હિસાબ
ગુજરાત રાજય ગાંધીનગર.

સ્થળ: ગાંધીનગર
તા.  /03/૨૦૨૦

| પ્રકરણ ૪ : રાજકોટ મહાનગરપાલિકા | | |
|---|---|---|
| ૪.૧ | અન્વેષણમાં વાઉચરો રજુ નહિ કરવા અંગે. | |
| ૪.૨ | અન્વેષણ દરમ્યાન મહાનગરપાલિકાની જુદી-જુદી શાખાઓ પાસેથી માંગવામાં આવેલ માહિતી તેમજ રેકર્ડ પુરૂ નહી પાડવા બાબત. | |
| ૪.3 | માર્કેટ શાખા,દબાણહટાવ શાખા, એસ્ટેટ શાખા તેમજ સ્નાનાગરોનું આવક સંબધિત રેકર્ડ રજુ નહિ થવા અંગે. | |
| ૪.૪ | સીક્યોરીટી એજન્સી સાથે થયેલ કરાર ની વિગત અન્વેષણ માં રજુ ન થવા અંગે. | |
| ૪.૫ | આવક સંબંધી રેકર્ડમાં જણાયેલ અધુરાશ બાબત. | |
| ૪.૬ | વાહન વેરાની મળવાપાત્ર આવક ગુમાવવા અંગે. | |
| ૪.૭ | લાંબા સમયથી બાકી રહેલ કર માંગણાની વસુલાત નહી થવા બાબત. | |
| ૪.૮ | માધવરાવ સિંધીયા ક્રિકેટ મેદાન ભાડે આપવા બાબત. | |
| ૪.૯ | ગુમાનસહિંજી શોપીંગ સેન્ટરની દુકાનો જે તે ભાડુઆતને ઓનરશીપ/મો બદલાથી આપવા બાબત. | |
| ૪.૧૦ | પૂર્વ ઝોન (ઈ-૧) ના હસ્તક વોર્ડ નં. ૫, ૬, ૭ નાં વિસ્તારમાં રસ્તાઓ ડ્રમ મીક્સ પ્લાન્ટ તથા મીકેનીકલ પેવર ફિનીશરથી રિકાર્પેટ રીપેરીંગ કરવાનાં કામ અંગે. | |
| ૪.૧૧ | બી.આર.ટી.એસ. બ્લ્યુ કોરીડોર ઉપર ૧૮ બસ શેલ્ટર બનાવવાનુ કામ. | |
| ૪.૧૨ | રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં સંસ્થા દ્વારા થયેલ આંગણવાડી બાંધકામોના કોન્ટ્રાક્ટમાં જણાયેલ અનિયમિતતા બાબત. | |
| ૪.૧૩ | વિના ટેન્ડર સંસ્થા દ્વારા થયેલ ફર્નિચર ખરીદી બાબત. | |
| ૪.૧૪ | એસીપ્રેસર પાઈપ ખરીદી અંગેના આરસી કરવા બાબત. | |
| ૪.૧૫ | JNNURM અંતર્ગત BSUP-૧ તથા ૨ યોજનાના આવાસોની ફાળવણીમાં અનિયમિતતા બાબત. | |
| ૪.૧૬ | વસુલ કરેલ સર્વિસ ટેક્ષની રકમ સરકારશ્રીમાં જમા નહી કરાવવા બાબત. | |
| ૪.૧૭ | એડવાન્સ રજીસ્ટર નહી નિભાવવા બાબત. | |
| ૪.૧૮ | મહાનગરપાલિકાના જુદા-જુદા વિસ્તારોમાં આવેલ બગીચાઓની જાળવણી નિભાવણી અંગે કરારથી અપાયેલ કામગીરીની અનિયમિતતા બાબત. | |

# પ્રકરણ ૪ : રાજકોટ મહાનગરપાલિકા

| ક્રમ | ફકરાની વિગત |
|---|---|
| ૪.૧ | અન્વેષણમાં વાઉચરો રજુ નહિ કરવા અંગે. (ફકરા નં.૧૪૦) |
| ૪.૨ | અન્વેષણ દરમ્યાન મહાનગરપાલિકાની જુદી-જુદી શાખાઓ પાસેથી માંગવામાં આવેલ માહિતી તેમજ રેકર્ડ પુરૂ નહી પાડવા બાબત. (ફકરા નં.૧૩૯) |
| ૪.3 | માર્કેટ શાખા,દબાણહટાવ શાખા, એસ્ટેટ શાખા તેમજ સ્નાનાગરોનું આવક સંબધિત રેકર્ડ રજુ નહિ થવા અંગે. (ફકરા નં.૧૨૯) |
| ૪.૪ | સીક્યોરીટી એજન્સી સાથે થયેલ કરાર ની વિગત અન્વેષણ માં રજુ ન થવા અંગે.(ફકરા નં.-૧૦૧) |
| ૪.૫ | આવક સંબંધી રેકર્ડમાં જણાયેલ અધુરાશ બાબત. (ફકરા નં.૭૮) |
| ૪.૬ | વાહન વેરાની મળવાપાત્ર આવક ગુમાવવા અંગે. (ફકરા નં.૬૫) |
| ૪.૭ | લાંબા સમયથી બાકી રહેલ કર માંગણાની વસુલાત નહી થવા બાબત. (ફકરા નં.૭૦) |
| ૪.૮ | માધવરાવ સિંધીયા ક્રિકેટ મેદાન ભાડે આપવા બાબત. (ફકરા નં. ૯૬) |
| ૪.૯ | ગુમાનસહિંજી શોપીંગ સેન્ટરની દુકાનો જે તે ભાડુઆતને ઓનરશીપ/મો બદલાથી આપવા બાબત. (ફકરા નં. ૧૨૭) |
| ૪.૧૦ | પૂર્વ ઝોન (ઈ-૧) ના હસ્તક વોર્ડ નં. ૫, ૬, ૭ નાં વિસ્તારમાં રસ્તાઓ ડ્રમ મીક્સ પ્લાન્ટ તથા મીકેનીકલ પેવર ફિનીશરથી રિકાર્પેટ રીપેરીંગ કરવાનાં કામ અંગે. (ફકરા નં.૫૩) |
| ૪.૧૧ | બી.આર.ટી.એસ. બ્લ્યુ કોરીડોર ઉપર ૧૮ બસ શેલ્ટર બનાવવાનુ કામ. (ફકરા નં. ૪૨) |
| ૪.૧૨ | રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં સંસ્થા દ્વારા થયેલ આંગણવાડી બાંધકામોના કોન્ટ્રાક્ટમાં જણાયેલ અનિયમિતતા બાબત. (ફકરા નં. ૫૪) |
| ૪.૧૩ | વિના ટેન્ડર સંસ્થા દ્વારા થયેલ ફર્નિચર ખરીદી બાબત. (ફકરા નં. ૧૮) |
| ૪.૧૪ | એસીપ્રેસર પાઈપ ખરીદી અંગેના આરસી કરવા બાબત. (ફકરા નં. ૨૪) |
| ૪.૧૫ | JNNURM અંતર્ગત BSUP-૧ તથા ૨ યોજનાના આવાસોની ફાળવણીમાં અનિયમિતતા બાબત. (ફકરા નં. ૧૩૪) |
| ૪.૧૬ | વસુલ કરેલ સર્વિસ ટેક્ષની રકમ સરકારશ્રીમાં જમા નહી કરાવવા બાબત.(ફકરા નં. ૬) |
| ૪.૧૭ | એડવાન્સ રજીસ્ટર નહી નિભાવવા બાબત. (ફકરા નં.૮) |
| ૪.૧૮ | મહાનગરપાલિકાના જુદા-જુદા વિસ્તારોમાં આવેલ બગીચાઓની જાળવણી નિભાવણી અંગે કરારથી અપાયેલ કામગીરીની અનિયમિતતા બાબત. (ફકરા નં. ૧૨૦) |

## ૪.૧ થી ૪.૪ રેકર્ડ રજુ ન કરવા બાબત

ગુજરાત સ્થાનિક ભંડોળ ઓડિટ અધિનિયમ- ૧૯૬૩ની કલમ ૪ તથા ૫ અને ગુજરાત પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ- ૧૯૪૯ની કલમ- ૧૦૫ થી ૧૦૮ની જોગવાઈ મુજબ તપાસણીને પાત્ર તમામ રેકર્ડ ઓડિટ સમક્ષ રજુ કરવાની વૈધાનિક જવાબદારી છે.

## ૪.૧ અન્વેષણમાં વાઉચરો રજુ નહિ કરવા અંગે. (ફકરા નં. ૧૪૦)

હિસાબી શાખા તથા અન્ય શાખાના રજુ થયેલ વાઉચરોનું ડ્રોઇંગ શીટ સાથે મેળવણુ કરતા ફેબ્રુઆરી-૨૦૧૩ના રકમ રૂ|.૪૫,૬૧,૦૭,૭૭૦/-ના ૧૮૮૫ વાઉચર અને માર્ચ-૨૦૧૩ ના રૂ.૩૨,૯૨,૧૦,૯૨૨/-ના ૧૭૪૦ વાઉચર એટલે કે કુલ ૩૬૨૫ વાઉચર અન્વેષણમાં રજુ થયેલ નથી. તેમજ રૂ|. ૧૦ લાખ થી વધુની રકમના ખર્ચના વાઉચરોનું રજુ થયેલ લિસ્ટ સાથે મેળવણું કરતા રકમ રૂ|.૨,૫૫,૬૩,૧૮,૯૮૨/-ના ૮૪૭ વાઉચર અન્વેષણમાં રજુ થયેલ નથી. જે નીચે પત્રક મુજબ છે.

સને ૨૦૧૨-૧૩ના અન્વેષણમાં રજુ નહી કરેલ વાઉચરોની યાદી (નમુનારુપ કિસ્સાઓ)

| ક્રમ | શાખાનું નામ | ફેબ્રુઆરી-૧૩ | | માર્ચ – ૧૩ | | રૂ ૧૦ લાખ થી વધુની રકમનાં ખર્ચના બાકી વાઉચરો | |
|---|---|---|---|---|---|---|---|
| | | વાઉચરોની સંખ્યા | રકમ | વાઉચરોની સંખ્યા | રકમ | વાઉચરોની સંખ્યા | રકમ |
| ૧ | હિસાબી શાખા | ૧૫ | ૪૧૧૧૪૫૦ | ૧૨ | ૬૪૨૫૫૩૯ | ૪ | ૧૦૧૫૨૭૫૮ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૨ | ઓડિટ | ૩ | ૧૩૪૪૮૩૫ | ૩ | ૧૭૦૩૫૭૬ | ૧ | ૧૦૪૧૪૭૬ |
| ૩ | ઇડીપી | ૮ | ૬૪૭૫૧૯૨ | ૧૨ | ૪૦૩૩૮૮૩ | ૫ | ૯૯૬૪૦૦૪ |
| ૪ | આઇસીડીએસ – ૧ | ૧૦ | ૨૦૧૩૩૬૪ | ૧૨ | ૨૦૫૯૩૨૯ | ૭ | ૭૧૬૮૩૬૬ |
| | આઇસીડીએસ – ૨ | ૧૨ | ૨૭૬૧૬૮૫ | ૧૧ | ૯૫૬૩૭૦ | -- | -- |
| ૫ | સેન્ટ્રલ સ્ટોર | ૬ | ૨૮૫૬૧૪ | ૫૦ | ૨૯૮૧૩૬૩ | -- | -- |
| ૬ | વોટર વર્ક્સ - સેંટ્રલ | ૧૧૧ | ૩૦૭૩૭૭૫૭.૩ | ૧૮૮ | ૨૨૧૦૦૨૨૬.૬ | ૧૦૩ | ૨૧૬૬૫૯૨૫૩ |
| | વોટર વર્ક્સ - ઇસ્ટ | ૫૫ | ૧૬૪૫૨૯૪૦ | ૧૩૯ | ૩૬૦૨૭૫૧૩ | ૧૨ | ૭૧૬૬૪૧૨૪ |
| | વોટર વર્ક્સ - વેસ્ટ | ૩૭ | ૮૬૮૩૧૦૭ | ૫૫ | ૪૧૮૧૬૬૪૬ | ૬૧ | ૨૭૪૪૪૪૧૬૫ |
| ૭ | ડ્રેનેજ - સેંટ્રલ | ૧૪ | ૫૭૪૪૯૩ | ૧૨ | ૫૫૯૧૦૫ | ૧ | ૨૬૩૭૫૮૨.૩ |
| | ડ્રેનેજ - ઇસ્ટ | ૩૩ | ૫૮૦૭૦૭૬ | ૨૫ | ૬૮૬૭૩૭૭ | ૨૨ | ૧૦૨૧૧૨૧૬૯ |
| | ડ્રેનેજ - વેસ્ટ | ૩૩ | ૧૫૯૧૧૬૪૧.૮ | ૨૪ | ૭૯૦૫૪૩૩ | ૨૪ | ૬૯૦૬૬૬૦૮.૪ |
| ૮ | બાંધાકામ - સેંટ્રલ | ૯૪ | ૪૮૧૫૦૫૦૭.૯ | ૬૬ | ૩૪૯૧૮૩૭૧.૮ | ૬૦ | ૩૨૦૩૫૬૨૮૩ |
| | બાંધાકામ - ઇસ્ટ | ૬૩ | ૩૪૯૫૫૩૧૯ | ૧૭ | ૧૨૨૫૦૮૮૧ | ૩૫ | ૧૦૧૬૬૭૦૩૦ |
| | બાંધાકામ - વેસ્ટ | ૬૮ | ૧૧૬૬૦૧૯૪ | ૫૦ | ૧૫૮૫૯૦૭૩ | ૭૬ | ૨૦૮૪૯૩૦૪૭ |
| ૯ | જેનુર્મ | ૧૮ | ૬૯૪૭૪૩૮ | ૧૯ | ૬૨૭૦૭૯૨ | ૨૦ | ૨૬૦૨૬૭૮૨૦ |
| ૧૦ | વર્કશોપ | ૨૫ | ૮૧૧૦૭૭૦.૯ | ૪૩ | ૨૭૦૯૩૮૨ | ૨૫ | ૧૦૩૭૪૦૨૬૫ |
| ૧૧ | સ્નાનાગાર | ૮ | ૧૯૪૩૪૪૧.૭ | ૮ | ૧૧૭૧૦૨૭ | -- | -- |
| ૧૨ | લિગલ શાખા | ૬ | ૯૨૬૭૦૭.૫ | ૧૨ | ૧૨૩૬૩૭૬ | -- | -- |
| ૧૩ | લાયબ્રેરી | ૨૦ | ૭૨૯૭૧૬ | ૨૦ | ૪૨૬૦૮૩ | -- | -- |
| ૧૪ | મોબાઇલ લાયબ્રેરી | ૬ | ૪૦૧૧૩૩ | ૫ | ૧૯૮૯૫૪ | -- | -- |
| ૧૫ | આરોગ્ય | ૧૩૯ | ૧૧૫૮૩૮૩૫ | ૭૭ | ૮૧૧૩૩૭૩ | ૨૫ | ૫૩૦૨૬૬૭૦ |
| ૧૬ | ફાયર ફાયટર | ૯૭ | ૮૨૫૭૯૫૧ | ૧૩૭ | ૨૧૧૪૮૬૪ | ૧૪ | ૯૦૭૯૪૬૮૩ |
| ૧૭ | શોપ એન્ડ એસ્ટા | ૭ | ૮૨૦૫૧૦ | ૭ | ૩૮૫૮૩૯ | -- | -- |
| ૧૮ | વિજીલન્સ | ૪૦ | ૬૦૫૦૬૦૨ | ૧૧૮ | ૨૧૭૯૧૩૩૮ | ૧૫ | ૨૮૪૧૬૨૦૧ |
| ૧૯ | સાસ્કુતીક વિભાગ | ૩૨ | ૪૦૦૦૨૭ | ૪૪ | ૨૩૫૦૦૨૩ | ૨ | ૨૦૭૮૬૬૦ |
| ૨૦ | માધ્યમિક સ્કૂલો | ૨૪ | ૬૯૨૧૧ | ૮ | ૪૭૦૭૯ | -- | -- |
| ૨૧ | ટેક્ષ - સેંટ્રલ | ૫૮ | ૨૨૭૫૭૩૦૭ | ૭૨ | ૬૬૧૨૪૦૭ | ૧૨ | ૪૯૧૮૮૩૪૨ |
| | ટેક્ષ - ઇસ્ટ | ૩૫ | ૧૭૨૦૬૫ | ૨૫ | ૪૪૧૨૪૭૮ | -- | -- |
| | ટેક્ષ - વેસ્ટ | ૬૯ | ૪૪૮૭૪૨ | ૨૨ | ૨૨૮૧૧૨ | -- | -- |
| ૨૨ | ટાઉન પ્લાનીગ | ૨૫ | ૪૪૧૨૪૭૮ | ૧૭ | ૩૨૧૨૩૬૮ | ૨૩ | ૪૦૬૬૮૦૯૭ |
| | ટી.પી. ઇમ્પ્લીમેન્શન | ૯ | ૧૧૩૮૮૧૭ | ૧૫ | ૨૪૯૫૨૮૦ | ૮ | ૪૬૦૩૧૯૨૧ |
| ૨૩ | સોલીડ વેસ્ટ | ૪૫૦ | ૧૬૫૦૪૯૧૦૩ | ૨૧૨ | ૩૦૧૪૪૯૪૪ | ૨૬૧ | ૪૧૪૫૪૫૧૩૩ |
| ૨૪ | ગાર્ડન | ૮૬ | ૯૭૩૭૪૮૬ | ૨૫ | ૩૦૮૬૦૪૧ | ૧૩ | ૨૦૪૩૪૦૩૮ |
| ૨૫ | આવાસ | ૫ | ૧૫૯૦૪૦૬ | ૩ | ૬૮૧૫૩૮ | -- | -- |
| ૨૬ | પ્રાણી સગ્રાહાલય | ૨૨ | ૨૦૯૩૭૯૦ | ૧૨ | ૧૧૯૬૨૮૦ | -- | -- |
| ૨૭ | રોશની- સેંટ્રલ | ૬૧ | ૭૩૮૬૨૩૨.૭ | ૮૮ | ૨૭૩૮૦૦૦૮ | ૧૬ | ૪૮૪૧૪૩૯૨.૪ |
| | રોશની- ઇસ્ટ | ૩૫ | ૨૯૫૪૩૯૭ | ૩૦ | ૩૯૩૫૬૧૯ | ૨ | ૩૨૮૫૮૯૪ |
| | રોશની- વેસ્ટ | ૪૬ | ૨૨૦૦૪૨૭ | ૪૫ | ૨૫૪૬૦૩૧ | -- | -- |
| કુલ | | ૧૮૮૫ | ૪૫૬૧૦૭૭૭૦ | ૧૭૪૦ | ૩૨૯૨૧૦૯૨૨ | ૮૪૭ | ૨૫૫૬૩૧૮૯૮૨ |

**૪.૨ અન્વેષણ દરમ્યાન મહાનગરપાલિકાની જુદી-જુદી શાખાઓ પાસેથી માંગવામાં આવેલ માહિતી તેમજ રેકર્ડ પુરૂ નહી પાડવા બાબત. (ફકરા નં.૧૩૯)**

મહાનગરપાલીકાની તમામ શાખાઓ પાસેથી જરૂરી માહિતી તથારેકર્ડ મેળવવા માટે નીચે પત્રક મુજબ પ્રાથમિક વાંધાઓ આપવામાં આવેલ હતા. તેમ છતાં રકર્ડ રજુ કરેલ નથી. તેની વિગત દર્શાવતુ પત્રક નીચે મુજબ છે.

| ક્રમ | પ્રાથમિક વાંધા નં. | તારીખ | શાખાનું નામ | વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૨૯૯<br>૩૬૨<br>૪૨૩ | ૩૧/૦૩/૧૭<br>૦૧/૦૫/૧૭<br>૧૫/૦૬/૧૭ | હિસાબી | આવકની પહોચોં, ચલણો, પેશગી રજીસ્ટર, ટી.સી. રજીસ્ટર, બીલેથી કપાત કરેલ રકમોનું સાહિત્ય, તમામ બેંકોનાંરીકંસીલેશન પત્રકો, કેશબૂક(પ્રમાણિત)ચેક રજીસ્ટર, ગ્રાંટ રજીસ્ટર વગેરે.<br>GPF/CPF/NPS ની થયેલ કપાતો અંગેનાં હિસાબો.<br>મકાન/વાહન પેશગીનું રેકર્ડ. |
| ૨ | ૯ | ૧૦/૦૧/૧૭ | આઇ.સી.ડી.એસ. | - માસિક પ્રગતી અહેવાલ ફાઇલ(પત્રકો)<br>- આંગણવાડી કેન્દ્રોને સપ્લાય થતા પોષક આહાર સંબંધી ઇન્ડેન્ટ, ફાઇલ, સ્ટોક ઇસ્યુ રજીસ્ટર પહોંચબૂક વગેરે<br>- ડેડ સ્ટોક રજીસ્ટર<br>- ખાલી ટીન/બારદાન રજીસ્ટર<br>- વપરાયેલ માલસમાનનાં નિકાલ અંગે કરેલ કાર્યવાહિની ફાઇલ, રજીસ્ટર<br>- દવા/સાધનોની થયેલ ખરીદી, વપરાશની માહિતી. |
| ૩ | ૩૧૧<br>૩૩૩ | ૧૧/૦૪/૧૭<br>૧૨/૦૪/૧૭ | બાંધકામ(C/Z)<br>બાંધકામ(E/Z) | પ્રાથમિક વાંધામાં દર્શાવેલ ૦૪ ફાઇલો<br>પ્રાથમિક વાંધામાં દર્શાવેલ ૧૩ ફાઇલો |
| ૪ | ૧૩૫<br>૩૧૫<br>૩૧૨ | ૨૭/૦૧/૧૭<br>૧૧/૦૪/૧૭<br>૧૧/૦૪/૧૭ | વોટરવર્કસ(W/Z)<br>વોટરવર્કસ(E/Z) | આવક અંગેનું રેકર્ડ<br>પ્રાથમિક વાંધામાં દર્શાવેલ રજુ નહિ કરેલ ૦૬ ફાઇલો<br>પ્રાથમિક વાંધામાં દર્શાવેલ રજુ નહિ કરેલ ૦૪ ફાઇલો |
| ૫ | ૩૧૩<br>૩૧૬ | ૧૧/૦૪/૧૭<br>૧૧/૦૪/૧૭ | ડ્રેનેજ (E/Z)<br>ડ્રેનેજ (W/Z) | પ્રાથમિક વાંધામાં દર્શાવેલ રજુ નહિ કરેલ ૦૫ ફાઇલો<br>પ્રાથમિક વાંધામાં દર્શાવેલ રજુ નહિ કરેલ ૦૧ ફાઇલો |
| ૬ | ૨<br>૧૧<br>૨૮<br>૨૮૫<br>૫૭૮ | ૨૯/૧૧/૧૬<br>૧૩/૦૧/૧૭<br>૧૩/૦૧/૧૭<br>૦૧/૦૪/૧૭<br>૨૬/૦૯/૧૭ | શોપ એન્ડ એસ્ટા | પ્રાથમિક વાંધામાં દર્શાવેલ આવક અને ખર્ચ ની માહિતી રજુ કરેલ નથી , તેમજ કોઇ પણ જાત નું રેકર્ડ રજુ નથી |
| ૭ | ૧<br>૫ | ૧૨/૧૨/૧૬ | વેરા વસુલાત શાખા | મિલ્કત વેરા વ્યાજ માફી ને લગત રેકર્ડ , વેરા આકારણી ની ફાઇલો,૧૦ લાખ થી વધારે બાકી રહેલ મિલ્કત વેરા ની યાદી, રદ થયેલ પહોંચો ની સ્થળપ્રત, વેકેન્સી એલાઉન્સ ની ફાઇલો , વાહનવેરા ને વસુલાત નું રેકર્ડ . |
| ૮ | ૧<br>૪૩૦<br>૪૩૮<br>૪૪૪ | ૧૨/૧૨/૧૬<br>૨૭/૦૬/૧૭<br>૧૪/૦૭/૧૭<br>૧૪/૦૭/૧૭ | ટાઉન પ્લાનીંગ શાખા | મિલ્કત હરાજી ની ફાઇલો ,૧૦ લાખ થી વધુ થયેલ ખર્ચ ના વાઉચર તથા ફાઇલો, વસુલ કરેલ ડીપોઝીટ નું રજીસ્ટર , ખુલ્લા પ્લોટ ની વિગત |
| ૯ | ૮૧ | ૨૩/૦૧/૧૭ | આરોગ્ય (RCH) | વાર્ષિક હિસાબો, બેંક પાસબૂક |
| ૧૦ | ૫૨૪<br>૫૮૩ | ૨૯/૦૮/૧૭<br>૨૭/૦૯/૧૭ | સાંસ્કૃતિક વિભાગ | વર્ષ દરમ્યાન આયોજીત જુદા જુદા કાર્યક્રમ સબબ ઉપાડ કરેલ ઉચ્ચક બીલ ની માહિતી, વર્ષ દરમ્યાન આયોજીત જુદા જુદા કાર્યક્રમ ની વિગત |
| ૧૧ | ૬૨૫ | ૦૭/૧૦/૧૭ | સુરક્ષા શાખા | સીક્યોરીટી એજન્સી સાથે થયેલ કરાર ની વિગત તથા તેને આનુસંગીક રેકર્ડ |
| ૧૨ | ૩૩૮<br>૩૯૯ | ૨૬/૦૪/૧૭<br>૨૭/૦૬/૧૭ | ગાર્ડન શાખા | પ્રાથમિક વાંધામાં દર્શાવેલ રજુ નહિ કરેલ ૦૪ ફાઇલો |
| ૧૩ | ૨૪૯<br>૩૩૪<br>૩૩૬<br>૩૯૮ | ૨૮/૦૩/૧૭<br>૨૬/૦૪/૧૭<br>૨૬/૦૪/૧૭<br>૨૭/૦૬/૧૭ | સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ | પ્રાથમિક વાંધામાં દર્શાવેલ રજુ નહિ કરેલ ૦૩ ફાઇલો.<br>વ્યક્તીગત શૌચાલય યોજના હેઠળના લાભાર્થીનું રજીસ્ટર, વર્ક ફાઇલ તથા રિપોર્ટ તથા અન્ય આનુસંગીક માહિતી. |
| ૧૪ | ૪૦૦ | ૨૭/૦૬/૧૭ | રોશની શાખા | પ્રાથમિક વાંધામાં દર્શાવેલ રજુ નહિ કરેલ ૦૩ ફાઇલો. |
| ૧૫ | ૪૦૫ | ૨૭/૦૬/૧૭ | ઝૂ શાખા | પ્રાથમિક વાંધામાં દર્શાવેલ રજુ નહિ કરેલ ૦૫ ફાઇલો. |
| ૧૬ | ૪૫૮ | ૭/૭/૧૭ | આર.સી.એચ. (આરોગ્ય) શાખા | ચિરંજીવી યોજના, બાલ સખા યોજના, કે.પી.એસ.વાય યોજના માં થયેલ ચુકવણાના ખર્ચના વાઉચરો તથા મળેલ ગ્રાંટના હુકમો તથા ચેક રજીસ્ટ્રર, ચેક કાઉંટર ફાઈલ. |

**૪.૩ માર્કેટ શાખા,દબાણહટાવ શાખા, એસ્ટેટ શાખા તેમજ સ્નાનાગરોનું આવક સંબધિત રેકર્ડ રજુ નહિ થવા અંગે. (ફકરા નં.૧૨૯)**

માર્કેટ શાખા,દબાણ હટાવ શાખા, એસ્ટેટ શાખાઓનુ આવક સબંધિત રેકર્ડ રજુ કરેલ નથી.

**(૧) માર્કેટ શાખા**

(૧) શાખા દ્વારા વહીવટી ચાર્જ હોકર્સ ઝોન, અઠવાડિક બજાર, મરચા પીઠ, પાથરણા, સાઇન બોર્ડ વિગેરેને લગતી અલગ અલગ આવકની વસુલાત કરેલ છે આ અંગેના માંગણા રજીસ્ટરો તથા કલેકશન રજીસ્ટરો રજુ કરેલ નથી જેથી આ રજીસ્ટરોની ચકાસણી થઇ શકેલ નથી.જેની આધારસહ ખાત્રી કરાવવી રહે.

(૨) મુંબઇ મ્યુનિ. એકાઉન્ટ કોડ ૧૯૪૮ ના નિયમ ૧૩૨(૧) નમુના નં. ૯૨માં પહોચોનું સ્ટોક રજીસ્ટર નિભાવવાનું હોય છે. જે નિભાવેલ નથી જે નિભાવી ખરાઇ કરાવવી રહે.

(૩) શાખા તરફથી ફકત ચલણની ફાઇલ રજુ કરેલ છે જેમાં દિવસ દરમ્યાન જે તે બજેટની આવકની વસુલાતની રકમ ઉપયોગમાં લીધેલ પહોચોનાં નંબર દર્શાવવામાં આવેલ છે માહે મે-૧૨ તથા માર્ચ-૧૩ની પહોંચોની સ્થળપ્રત રજુ કરેલ નથી.

(૪) કોઇપણ ઝોને પહોંચ બુક ઈસ્યુ રજીસ્ટર નિભાવેલ નથી તેમજ ઈસ્યુ કરેલ/પરત આવેલ પહોચબુકોનો હિસાબા રજુ કરેલ નથી.

**(૨) દબાણ હટાવ શાખા**

સંસ્થાની સને ૨૦૧૫-૧૬ ની બજેટ બૂકમાં દર્શાવેલ વિગતો મુજબ દબાણ હટાવ શાખામાં ૨૦૧૨-૧૩ માં રૂા.૧.૪૧ લાખ ખર્ચ છે પરંતુ તેના વાઉચર રજુ થયેલ નથી. જેથી થયેલ ખર્ચના વ્યાજબીપણાની ખરાઇ થઇ શકેલ નથી

તેમજ સરકારી જગ્યા/મિલકતમાં થયેલ અન-અધિકૃત દબાણ દુર કરવા બાબતનું સંલગ્ન રેકર્ડ રજુ કરેલ નથી.

**(3) એસ્ટેટ શાખા**

(૧) એસ્ટેટ શાખાદ્વારાત્રણ ઝોન પૈકી ઈસ્ટ ઝોનની માહે મે-૧૨ ની આવકની પહોંચોનું ડેઇલી કલેકશન રજીસ્ટર મેળવણું કરતા ઈસ્ટ ઝોન= ૨૬૧૩ થી ૨૬૮૧ નંબરની પહોંચબુકો અન્વેષણમાં રજુ થયેલ નથી. દૈનિક ભરણા રીપોર્ટની અલગ-અલગ આવકની પહોંચબુકો અન્વેષણમાં રજુ થયેલ નથી. જેથી કરીને પહોંચબુકોમાં દર્શાવેલ રકમનું ડેઇલી કલેકશન રજીસ્ટર તથા ભરણા રીપોર્ટ સાથે મેળવણું થઇ શકેલ નથી.

(૨) એસ્ટેટ શાખાની ત્રણેય ઝોનના ડેઇલી કલેકશન રજીસ્ટર તથા આવકની પહોંચોમાં દર્શાવેલ વિગત અનુસાર શાખા દ્વારા વહીવટી ચાર્જ, હોકર્સ ઝોન, મંડપ ગાળા, કમાન, છાજલી ભાડુ, રોડ શો, ટેન્ટ/બેનર, રેકડી, કેબીન, હોર્ડીંગ બોર્ડ લાયસન્સ ફી, અન્ય પરચુરણ આવક, ઇમારત ભાડા, સ્ટાફ કવાર્ટર, દુકાન, મરચા પાથરણા, રવિવારી, બુધવારી વિગેરે આવકની કરેલ વસુલાત અંગે નિભાવેલ માંગણા રજીસ્ટરો અન્વેષણમાં રજુ કરેલ નથી.

(૩) એસ્ટેટ શાખા દ્વારા દુકાન ભાડાની વસુલાત બાબતે દુકાન ભાડાના માંગણા રજીસ્ટર અન્વેષણમાં રજુ કરેલ નથી.

**(૪) સંસ્થા દ્વારા સંચાલીત સ્નાનાગરોનું હિસાબી રેકર્ડ**

સને ૨૦૧૨-૧૩ નું હિસાબી અન્વેષણ દરમ્યાન સંસ્થા દ્વારા સંચાલીત સ્નાનાગાર (૧) રેસકોર્ષ (૨) સરદાર પટેલ (૩) કાલાવાડ રોડ (૪) પેડક રોડના આવક-ખર્ચનાં હિસાબોનું રેકર્ડ રજુ કરેલ નથી.

**૪.૪ સીક્યોરીટી એજન્સી સાથે થયેલ કરાર ની વિગત અન્વેષણ માં રજુ ન થવા અંગે.(ફકરા નં.-૧૦૧)**

રાજકોટ મહાનગરપાલિકાના સુરક્ષા વિભાગ દ્વારા ગેરકાયદેસર દબાણો –બાંધકામ દૂર કરવા, પાણી ચોરી અટકાવવા ભુતિયા નળ કનેકશન કપાત કરવા , રખડતા ભટકતા ઢોર પકડવા તેમજ ટેક્સની રીકવરી ની કામગીરી દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે માટે વિવિધ સીક્યોરીટી સાથે

મહાનગરપાલિકા દ્વારા કરાર કરેલ છે તથા તેનો ખર્ચ મહાનગરપાલિકા ની સુરક્ષાશાખા દ્વારા કરવામાં આવે છે.

સને ૨૦૧૨-૧૩ના અન્વેષણ દરમ્યાન કુલ ૬૭ વાઉચર તથા ૧૦ લાખ કે તેથી વધારે રકમના આશરે ૧૫ જેટલા વાઉચર રજુ કરવા જણાવેલ હતું. પરંતુ અન્વેષણમાં રેકર્ડ રજુ થયેલ નથી. નમૂનારૂપ કિસ્સામાં વાઉચરનુ લીસ્ટ ચકાસતા નેશનલ સીક્યુરીટી એજન્સી ને રકમ રૂા.૧૫,૧૪,૮૮૦ ચુકવણું થયેલ જણાય છે.તો ઉકત એજન્સી સાથે થયેલ ટેન્ડર પ્રક્રિયા,કરાર, જામીનગીરીની વિગત તથા તેમને લગતુ આનુષાંગિક સાધનીક રેકર્ડ અન્વેષણમાં રજુ થયેલ નથી.

**૪.૫ આવક સંબંધી રેકર્ડમાં જણાયેલ અધુરાશ બાબત. (ફકરા નં.૭૮)**

સને ૨૦૧૨-૧૩ના અન્વેષણ દરમ્યાન સેન્ટ્રલ ઝોન/ઇસ્ટઝોન ટી.પી.શાખાના આવક સંબંધી રેકર્ડ ચકાસણી કરતા નીચે મુજબ ઓડિટ નોંધ આપવામાં આવે છે.

(૧) પસંદગીના માસ મે-૧૨ તથા માર્ચ-૧૩ ની આવક સંબંધી પહોંચ સ્થળપ્રત તથા ચલણ રજુ થયેલ છે. પરંતુ આવક સંબંધી જમા રજીસ્ટર (કલેકશન રજીસ્ટર) અન્વેષણમાં રજુ ન થતાં સ્થળપ્રત તથા ચલણની રકમની ખરાઇ થઇ શકેલ નથી.

(૨) શાખા દ્વારા વસુલાત કરવામાં આવતી સિકયોરીટી ડીપોઝીટ, પાર્કિંગ ડીપોઝીટ, ઇમ્પેકટ ડીપોઝીટ વિગેરેની નોંધ અલગ-અલગ રજીસ્ટરે કરવાની હોય છે. પરંતુ સદરહું ડીપોઝીટ રજીસ્ટરો ઓડિટમાં રજુ ન કરાતાં ડીપોઝીટની વસુલાત ડીપોઝીટ રજીસ્ટરે થયેલ છે કે કેમ? તેની ખરાઇ થઇ શકેલ નથી.

**૪.૬ વાહનવેરાની મળવાપાત્ર આવક ગુમાવવા અંગે. (ફકરા નં. ૬૫)**

ધી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનીસીપલ કોર્પોરેશન એકટ-૧૯૪૯ની કલમ-૧૨૭ મુજબ મહાનગરપાલિકા તેના વિસ્તારમાં જુદા-જુદા હેતુઓ માટે કર નાખી શકે છે અને આ નાખવામાં આવેલ કરના દરો નકકી કરવા અંગે કલમ-૯૯ માં સત્તાઓ પણ આપવામાં આવેલ છે. જેમાં પ્રકરણ-૧૧ માં ઠરાવેલી મર્યાદાઓ અને શરતોને આધીન રહીને આગામી વર્ષમાં કયાં પ્રકારના કર લેવા તે નકકી કરવાનું રહે છે. મહાનગરપાલિકા દ્વારા મિલકત-પાણીવેરો-સફાઇવેરો ઉપરાંત અન્ય પ્રકારના જે વેરા લેવાના હોય તે અંગે પણ કલમ-૧૪૨ થી ૧૫૦ માં જોગવાઇ કરવામાં આવેલ છે.

ધી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનીસીપલ કોર્પોરેશન એકટ-૧૯૪૯ ની કલમ-૧૪૨ અન્વયે ઉતારૂઓ માલ લઇ જવા આવવા તથા સવારી કરવા માટેના વાહનો માટે રાજય સરકારશ્રી દ્વારા નકકી કરવામાં આવે તે મુજબ કર લેવાનો રહે છે. દરેક મહાનગરપાલિકા વર્ષે-વર્ષે જે દરે કર લેવાનો રહે છે. તે કલમ-૯૯ મુજબ નકકી કરશે અને તે મુજબ વાહન કર અધિનિયમ-૧૯૫૮ ની કલમ-૨૦ માં ઠરાવ્યા પ્રમાણે હોય તે સિવાય મોટર વાહનો પર કર લેવાનો રહેતો નથી. પરંતુ શહેરના હદની બહાર વાહન રાખેલ હોય પણ જેનો વપરાશ શહેરમાં થતો હોય તો તેના પર કર લેવાનો રહે છે.

આ ઉપરાંત મોટર વાહન અધિનિયમ-૧૯૩૯ મુજબ નિયત કરેલા નિયમો હેઠળ વેપાર માટેનું પ્રમાણપત્ર આપવામાં આવેલ હોય તેવા દરેક પ્રકારના વાહનો માટે દર છ મહિને અગાઉથી સરકારશ્રીની મંજુરીથી કોર્પોરેશન મંજુર કરે તે મુજબ કર લેવાનો રહે છે.

સને ૨૦૧૨-૧૩ ના અન્વેષણ દરમ્યાન રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રજુ થયેલ માહિતી મુજબ સને ૨૦૧૨-૧૩ દરમ્યાન ટુ વ્હીલર તથા ફોર વ્હીલર વાહનો અંગે કુલ રૂા.૧૨,૩૯૧૮૦/- વાહન કર વસુલ લેવામાં આવેલ છે. પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી રાજકોટ દ્વારા પ્રાપ્ત થયેલ માહિતી મુજબ સમગ્ર રાજકોટ જિલ્લામાં સને ૨૦૧૨-૧૩ દરમ્યાન બે વ્હીલવાળા વાહનો-૮૫૬૦૧, ચાર વ્હીલવાળા વાહનો-૧૮૭૪૧ તથા ચાર વ્હીલ કરતા વધુ વ્હીલવાળા કુલ-૩૮૮૫ વાહનોનું વેચાણ રજીસ્ટ્રેશન આરટીઓ કચેરી રાજકોટ દ્વારા થયેલ હતુ.

સંસ્થા દ્વારા વાહન કરના દર માં વધારો કરવા અંગે કાર્યવાહી કરવામાં આવેલ ન હોવાથી સંસ્થાએ વાહન કર પેટે મળવાપાત્ર ઘણી મોટી આવક ગુમાવવી પડેલ છે. તેમજ સંસ્થાને આવકનું તેટલું નુકશાન થયેલ છે. જે અંગે સંસ્થાએ કાર્યવાહી કરી અન્વેષણને ખરાઇ કરાવવી રહે.

બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનીસીપલ કોર્પોરેશન એકટ-૧૯૪૯ ના પ્રકરણ-૮ ની કલમ-૩૨(૧) હેઠળ તા.૧/૪/૯૯ થી દરેક પ્રકારના વાહનો પર આજીવન કર વસુલ કરવાનું નિયત કરવામાં આવેલ છે. વાહન પર વેરો ભરવામાં ન આવે તો બોમ્બેપ્રોવિન્શિયલ મ્યુનીસીપલ કોર્પોરેશન એકટ-૧૯૪૯ ની કલમ-૧૨૮ મુજબ વાહન જપ્ત કરી શકાય છે. સંસ્થા દ્વારા રજુ થયેલ માહિતી મુજબ સ્ટેન્ડિગ કમિટિના ઠરાવ નં.૫૦૫ તા.૯/૨/૧૬ થી સને ૨૦૧૬-૧૭ માટે આજીવન વાહન કરના નવા દર નિયત કરવા ઠરાવેલ છે. જેમાં(૧) યાંત્રિક વાહનો-બેઝીક કિંમતના ૧ (એક) ટકા લેખે તથા (૨)બિન યાંત્રિક વાહનો-શુન્ય(કરમુકત) તેમજ (અ) ઇલેકટ્રીક વાહનોમાં ભરવાપાત્ર વાહનવેરો ૧૦૦ ટકા માફી તથા (૨)સીએનજીમાં ભરવાપાત્ર વાહન વેરામાં ૫૦ ટકા માફી આપવા જણાવેલ. જે દર સામાન્ય સભા દ્વારા મંજુર થયાની વિગતો રજુ નથી જેની ખરાઇ કરાવવી રહે.

**૪.૭ લાંબા સમયથી બાકી રહેલ કર માંગણાની વસુલાત નહી થવા બાબત. (ફકરા નં.૭૦)**

વેરા શાખાના રેકર્ડની ચકાસણી કરતા માર્ચ-૨૦૧૩ અંતિત સ્થિતિએ મહાનગરપાલિકાએ કુલ રૂા. ૩,૪૭,૦૮,૧૦,૪૧૫/-નું લેણુ કરદાતા પાસેથી વસુલ કરવાનું બાકીમાં છે.જેની ૧૦૦% વસુલાત કરી આધારસહ ખાત્રી કરાવવી રહે.

**એક લાખથી વધુ રકમના બાકી માંગણાવાળા કરદાતાઓની વસુલાત દર્શાવતુ પત્રક**

| ક્રમ | વિગત | કરદાતાઓ ની સંખ્યા | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧ | એક લાખથી વધુ રકમના બાકી માંગણાવાળા કરદાતાઓ | ૧૯૮૫ | ૭૪,૦૭,૯૬,૩૬૩-/ |
| ૨ | પાંચ લાખ થી વધુ રકમ ના બાકી માંગણાવાળા કરદાતાઓ | ૨૩૩ | ૧૦,૬૩,૭૬,૯૪૪-/ |
| ૩ | દસ લાખ થી વધુ રકમ ના બાકી માંગણાવાળા કરદાતાઓ | ૭૩ | ૧૫,૪૪,૧૦,૨૮૮-/ |
| ૪ | એક કરોડ થી વધુ રકમ ના બાકી માંગણાવાળા કરદાતાઓ | ૩ | ૧૪,૩૯,૦૬,૦૨૯-/ |
| કુલ સરવાળો | | ૨૨૯૪ | ૧,૧૪,૫૪,૮૯,૬૨૪/- |

**૪.૮ માધવરાવ સિંધીયા ક્રિકેટ મેદાન ભાડે આપવા બાબત. (ફકરા નં. ૯૬)**

માધવરાવ સિંધીયા ક્રિકેટ સ્ટેડીયમ ભાડે આપવા અંગે સંસ્થાએ રજુ કરેલી ફાઇલોની ચકાસણી કરતા જનરલ બોર્ડના ઠરાવ નં. ૪૮૪ તા. ૧૩-૩-૧૯૬૮ના અન્વયે રાજકોટ મહાનગરપાલિકા હસ્તકના રમત-ગમતના મેદાનો વાપરવા દેવા અંગે નિયમો મંજુર કરવામાં આવેલ છે. જનરલ બોર્ડના ઠરાવ નં. ૧૬ તા. ૧૮-૪-૨૦૧૨ પરિપત્ર નં.૧૨ થી રીવાઇઝ નિયમો મંજુર કરવામાં આવેલ હતા.

મહાનગરપાલિકાનાં સી-૧૨૭ તા. ૮-૧૧-૨૦૧૨ના પત્રથી નવેમ્બર, ડીસેમ્બર-૨૦૧૨ અને જાન્યુ-૧૩ના ૩૫ દિવસના ભાડાની ઉઘરાણીના પ્રત્યુતરમાં ભાડુ ભરવાના બદલે રાજકોટ ક્રિકેટ એસો. દ્વારા ગ્રાઉન્ડ મેન્ટેન્સમાં લેબરચાર્જ ડીઝલ ખર્ચ અને અન્ય ખર્ચ પેટે રૂા.૩,૩૨,૨૫૦-૦૦ ખર્ચ પેટે લેણી થયેલ રકમ સરભર કરી બાકીના નાણા પરત ચૂકવવા માંગણી કરેલ છે.

મુળ ફકરાના પરીશિષ્ટ-૨૮થી મેદાન ભાડે રાખવા બાબતે લખાયેલ પત્રો તથા ઉઘરાણી માટે લખાયેલ પત્રોથી રૂા.૪,૦૦,૬૭૬-૦૦ ની ઉઘરાણી કરેલ છે પરંતુ સૌરાષ્ટ્ર ક્રિકેટ એશોસીએશન દ્વારા ફકત રૂા.૯૧,૦૧૨-૦૦ જ જમા થયાના આધાર ફાઇલે સામેલ છે. તો બાકીની રકમ જમા થઇ કે કેમ તે અંગેની આધારસહ ખાત્રી કરાવવી રહે.

મહાનગરપાલિકા દ્વારા લાઇટબીલ બાબતે એશોસીએશન કે અન્ય અરજદાર પાસેથી વસુલાતના આધારો રજુ કરેલ નથી.

**૪.૯ ગુમાનસિંહજી શોપીંગ સેન્ટરની દુકાનો જે તે ભાડુઆતનેઓનરશીપ/ મો બદલાથી આપવાબાબત. (ફકરા નં. ૧૨૭)**

ગુમાનસિંહજી શોપીંગ સેન્ટરમાં દુકાનો મળીને કુલ ૧૫૪ દુકાનો મ્યુનિ. કોર્પોરેશન દ્વારા બનાવવામાં આવેલ હતી. આ દુકાનો સ્થાયી સમિતિનાં ઠરાવ નં.૩૮૬ તા.૨૮/૧૨/૭૮ માં જણાવ્યા મુજબ ૧ થી ૨૩ શરતોને આધીન જાહેર હરાજીથી ઉંચી બોલી બોલનાર આસામીઓને ચો.ફુટના રૂ.૧/- ટોકન દરે માસીક ભાડેથી આપવાનું ઠરાવેલ હતુ.

તા.૨૮/૧૨/૭૮ ના ઠરાવ નં.૩૮૬ ની શરત નં.૫ મુજબ દુકાનો રા.મ.ન.પા.ની પૂર્વ મંજુરીથી દુકાનનો કબજો સંભાળ્યાના એક વર્ષની મુદતમાં રૂા.૧૦૦૦/- તથા પછીના દરેક વર્ષ માટે રૂા.૫૦૦/- ની રકમ મ્યુનિ. ભંડોળે જમા કરાવ્યા બાદ દુકાનનો મો- બદલો કરી આપવાનું ઠરાવેલ હતુ. જે અંગે સ્થાયી સમિતિનાં ઠરાવ નં.૯૨ તા.૧૬/૭/૮૬ થી કબજો સંભાળ્યાના પ્રથમ વર્ષ રૂા.૪૦૦૦/- તથા પછીના વર્ષ માટે રૂા.૨૦૦૦/- ટ્રાન્સફર ફી ના ધોરણો નિયત થયેલા છે.

તા.૧૬/૭/૮૬ બાદ ૩૧ વર્ષ જેટલો સમયગાળો થયેલ હોવા છતા ઉક્ત રકમમાં વધારો કરેલ નથી. માત્ર વોર્ડ નં-૨ સીટી સર્વે નં-૮૫ના કિસ્સામાં ૨૦૧૧ના જંત્રી દર મુજબ ગણતરી કરતા સંસ્થાને રૂા.૩૨,૫૦૦/- નુ નુકસાન થયેલ છે. એસ્ટેટ શાખા દ્વારા રજુ થયેલ ફાઇલોની ચકાસણી કરતા નીચે મુજબ અનિયમિતતા ધ્યાને આવેલ હતી.

(૧) તા.૨૮/૧૨/૭૮ના સ્થાયી સમિતિના ઠરાવ નં.૩૮૬ ની શરત-૭ મુજબ દુકાનોની અપસેટ પ્રાઇઝ મુજબની રકમ એડવાન્સમાં જમા કરાવવાનું જણાવેલ છે. પરંતુ તમામ દુકાનોની અપસેટ કિંમત નકકી કર્યાના કોઇ આધારો તથા હરાજીની મીનીટસ નોંધ રજુ કરેલ નથી.

(૨) સ્થાયી સમિતિના ઠરાવ નં.૫૭૯ તા.૨૦/૧૨/૦૪ તથા જનરલ બોર્ડ ઠરાવ નં.૩૫ તા.૨૦/૬/૦૫ માં જણાવ્યા મુજબ ઠરાવની તારીખે ખાલી રહેલ દુકાનોનું જાહેર હરાજીથી વેચાણ કરવાનું ઠરાવેલ છે. હરાજીથી કરેલ વેચાણ દુકાનોની વિગતો રજુ થયેલ નથી.

(૩) તા.૨૦/૬/૦૫ ના જનરલ બોર્ડ ઠરાવ નં.૩૫ ની શરત નં.૧ મુજબ ઠરાવની તારીખે મહાનગરપાલિકા ના રેકર્ડ મુજબ ગુમાનસિંહજી શોપીંગ સેન્ટરની કુલ ૧૫૪ દુકાનોની દુકાન વાઇઝ ભાડુઆતની વિગતો રજુ થયેલ નથી.

(૪) જનરલ બોર્ડ ઠરાવ નં.૩૫ તા.૨૦/૬/૨૦૦૫ ની શરત-૧ માં જણાવ્યા મુજબ ઠરાવની તારીખે મહાનગરપાલિકા ના રેકર્ડ પર જે તે દુકાનના ભાડુઆત દરજ્જો/ કબજો ધરાવે છે. તે પાર્ટીના જ નામે ઠરાવથી નકકી થયેલ ચો.ફુટના રૂા.૪૯૬/- ભાવે દસ્તાવેજ કરી શકાય.

તેમ છતાં તા.૨૦/૬/૦૫ ના ઠરાવમાં જે તે પાર્ટીના નામે દસ્તાવેજ નહી કરવાની સ્પષ્ટ જોગવાઇ હોવા છતાં અગાઉના સ્થાયી સમિતિના ઠરાવ નં.૯૨ તા.૧૬/૭/૮૬ મુજબ ટ્રાન્સફર ફી વસુલ લઇ મો. બદલો કરવામાં આવેલ છે. મુળ ફકરામાં સામેલ પરિશિષ્ટના કુલ ૯ કિસ્સામાં મૂળ માલીકના બદલે તત્કાલીન કબજો ધરાવનારના નામે કરાયેલ છે. જેથી જનરલ બોર્ડના ઠરાવનો ભંગ થયેલ છે.

(૫) ગુમાનસિંહજી શોપીંગ સેન્ટરની દુકાનો વેંચાણથી આપવા માટે જનરલ બોર્ડ ઠરાવ નં.૩૫ તા.૨૦/૬/૨૦૦૫ ની બજાર કિંમતને અનુલક્ષીને પ્રતિ ચો.ફુટના ૪૯૬/- મુજબ ભાવ નકકી કરેલ હતો. રેકર્ડની ચકાસણી કરતા ઠરાવના પાંચ વર્ષ બાદ સને ૨૦૧૨-૧૩ ના વર્ષમાં દસ્તાવેજ કરવામાં આવેલ છે.

ઠરાવના નાણાકીય વર્ષમાં દસ્તાવેજ કરવામાં આવે. તો ઠરાવથી નકકી કરેલ ભાવથી દસ્તાવેજ કરવાનો રહે છે. અન્યથા જે વર્ષમાં દસ્તાવેજ કરવામાં આવે તે વર્ષની રાજકોટ મ્યુનિ. કોર્પોરેશન એરીયાની બહાર પાડેલ એન્યુઅલ સ્ટેટમેન્ટસ ઓફ રેટસ – ૨૦૧૧ (જંત્રી) મુજબની કિંમત કબજો ધારણકર્તા ભાડુઆત પાસેથી વસુલ લઇ તેના પર સુપ્રિ. ઓફ સ્ટેમ્પની કચેરી,ગાંધીનગર દ્વારા નિયત થયેલ ૪.૯ ટકાના દરના સ્ટેમ્પ પેપર પર દસ્તાવેજ કરી આપવાનો રહે છે. જેના આધારો રજુ કરેલ નથી.

છતાં, મહાનગરપાલિકાએ જનરલ બોર્ડ ઠરાવ નં.૩૫ તા.૨૦/૬/૨૦૦૫મુજબ ચો.ફુટના રૂા.૪૯૬/- ભાવના બદલે સ્થાયી સમિતિના ઠરાવ નં.૯૨ તા.૧૬/૭/૮૬ મુજબ માત્ર ટ્રાન્સફર ફી વસુલી અન્વેષણ વર્ષમાં તેમજ ત્યારબાદના વર્ષોમાં પણ દસ્તાવેજની તારીખે દુકાનનો દસ્તાવેજ ધારણ કર્તાના નામે કરી આપી રૂા.૪૦,૩૪,૨૨૪/- તથા સરકારશ્રીને સ્ટેમ્પ ડયુટીની રૂા.૬૩,૩૮૪/- રકમનું નુકશાન થયેલ છે.

(૭) મુળ ફકરાના પરિશિષ્ટમાં દર્શાવેલ નમૂનારૂપ કિસ્સા સિવાયની દુકાનોના વેચાણ દસ્તાવેજ જનરલ બોર્ડ ઠરાવ નં.૩૫ તા.૨૦/૬/૨૦૦૫ ની તારીખે મહાનગરપાલિકા ના રેકર્ડ પર લીઝ હોલ્ડર તરીકે કબજો ધરાવતા ન હોઇ તે આસામીઓના નામે તા.૨૦/૬/૨૦૦૫ ના ઠરાવ નં.૩૫ મુજબ નિયત થયેલ ભાવથી દસ્તાવેજ કરી આપવામાં આવેલ હોઇ તેવા તમામ કિસ્સાઓમાં તા.૨૦/૬/૨૦૦૫ ના જનરલ બોર્ડ ઠરાવનો ભંગ થયેલ હોય તેવા તમામ કિસ્સાઓ ચકાસી વસુલાતની કાર્યવાહી કરવી રહે.

## ૪.૧૦ થી ૪.૧૨ રાજકોટ મહાનગરપાલિકાના નમૂનારૂપ યોજનાકીય કામો/વર્ક્સમાં જણાયેલ તાંત્રિક, નાણાંકીય તથા અમલીકરણને લગતી અનિયમિતતાઓ બાબત.

મહાનગરપાલિક દ્વારા હાથ ધરવામાં આવેલ નમુનારૂપ યોજનાકીયવિકાસના કામો/વર્ક્સમાં જણાયેલ તાંત્રિક,નાણાંકીય તથાઅમલીકરણને લગતી અનિયમિતતાઓ બાબત.

૧. ગુજરાત જાહેર બાંધકામ નિયમ સંગ્રહ પુસ્તક-૧ના પેરા-૨૦૦ મુજબ રૂ|.૨૦/- લાખ ઉપરની કિંમતના કામની ટેન્ડર નોટીસ જિલ્લાના મુખ્ય સ્તરેથી પ્રસિધ્ધ થતા એક દૈનિક ઉપરાંત અમદાવાદથી પ્રસિધ્ધ થતા બે દૈનિક પૈકી એક અંગ્રેજી વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ કરવાની જોગવાઇ થયેલ છે.

૨. ગુજરાત જાહેર બાંધકામ નિયમ સંગ્રહ પુસ્તક ભાગ-૧ના પેરા-૨૦૦ તથા માર્ગ અને મકાન વિભાગના તા.૧૭/૩/૨૦૦૭ના પરીપત્ર ક્રમાંક:ટી.એન.સી./૧૦૨૦૦૭/૧/સ અને નર્મદા,જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના પરિપત્ર નં.જી.ઇ.એન./૨૦૦૮/આઇ.બી./૨૩૫/(૨૮)/ક-૧,તા.૧૦/૦૨/૨૦૦૯થી નિવિદાનીસમય મર્યાદા નક્કી કરવામા આવેલ છે. જે મુજબ રૂ|.૩/- કરોડથી વધુ રકમના કામો માટે ૩૦ દિવસ, રૂ|.૧/- કરોડ થી રૂ|.૩/- કરોડ સુધીના કામો માટે ૨૧ દિવસ તથા રૂ|.૧/- કરોડ અને તેનાથી ઓછી રકમના કામો માટે ૧૫ દિવસનો સમય ગાળો રાખવો જરૂરી છે.

૩. ગુજરાત જાહેર બાંધકામ નિયમ સંગ્રહ ભાગ-૧ના ફકરા નં.૧૫૧,૨૮૩અન્વયે અંદાજીત રકમ કરતા દસ ટકા(૧૦%) ઉંચા કે નીચા ભાવથી ટેન્ડર મંજુર કરેલ હોય તો રીવાઇઝ અંદાજો તૈયાર કરી સુધારેલ વહીવટી/તાંત્રિક મંજુરી મેળવવાની થાય છે. અને કામમાં થયેલ એક્સેસ/સેવિંગ માટે સક્ષમ સત્તા સોંપણીની મંજુરી મેળવવાની થાય છે.

૪. માર્ગ અને મકાન વિભાગના તા.૩૧/૧૨/૨૦૦૯ના પરીપત્ર નં.પરચ/૧૦૨૦૦૭/૨૮-સ તથા ટેન્ડર બી-૧ની ક્લોઝ –૭૭ મુજબ બાંધકામના માલસામાનની ગુણવત્તા માટેના પરીક્ષણ પૈકી ૮૦% પરીક્ષણ સ્થળ ઉપર, ૧૦% પરીક્ષણ સરકાર માન્ય લેબોરેટરીમાં અને૧૦% પરીક્ષણ ગેરી લેબોરેટરીમાં કરવાનાના રહે છે.

૫. મુંબઇ સ્ટેમ્પ એક્ટ-૧૯૫૮ અનુસુચી-૧, આર્ટીકલ- ૩૬(ક) અને આર્ટીકલ-૨૦(ક) તથા સુપ્રીટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક:સ્ટેમ્પ/અશન/૧૪/૨૦૦૭/૯૩૯,

તા.૦૧/૦૪/૨૦૦૭થી ટેન્ડર અન્વયે અનામતની જે રકમ ફિક્સ ડિપોઝીટ રીસીપ્ટ, એન.એસ.સી. અથવા અન્ય કોઇ બચતપત્રના માધ્યમથી મુકવામાં આવે તો તે રકમના પ્રત્યેક રૂ|.૧૦૦/- અથવા તેના ભાગ માટે ૪.૯૦% સ્ટેમ્પ ડ્યુટી વસુલ કરવાની રહે છે.

૬. ટેન્ડરની ક્લોઝ–૩૬ તથા ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક: એમ.એમ.આર./૧૧૨૦૦૦/૨૦૧૩/છ, તા.૦૧/૦૯/૨૦૦૪ અનુસાર કામમાં સાદી માટી-મુરમ વાપરવામાં આવે તો પરમીટ લેવાની તથા રોયલ્ટી ભરવાની રહેશે. જ્યારે માર્ગ અને મકાન વિભાગના તા. ૨૮/૦૪/૨૦૦૩ના પરિપત્ર મુજબ રોયલ્ટી ભર્યાની ખાત્રી માટે ફાઇનલ બીલની કોપી ભુસ્તરશાસ્ત્રીશ્રીને મોકલવાની હોય છે અને જો ઇજારદાર આ રોયલ્ટી ભરવાપાત્ર ન હોય તો ઉદ્યોગ અને ખાણ વિભાગનુ "નો ડ્યુ સર્ટીફીકેટ" ઇજારદાર પાસેથી મેળવી વર્ક ફાઇલે રાખવાનુ રહે છે.

૭. ગુજરાત સ્થાનિક ભંડોળ ઓડિટ અધિનિયમ -૧૯૬૩ની કલમ-૪ તથા કલમ-૫ અને ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની કલમ-૭૭ અન્વયે તપાસણીપાત્ર તમામ રેકર્ડ ઓડીટ સમક્ષ રજુ કરવાની સંસ્થાની વૈધાનિક જવાબદારી છે.

૮. માર્ગ અને મકાન વિભાગના ઠરાવ નં.ટી.એન.સી./૧૦/૨૦૧૩/૩/ભાગ-૧/સ, તા.૧૯/૧૧/૨૦૧૩થી બાંધમના કોન્ટ્રાક્ટર પાસેથી અંદાજીત રકમના રૂ.૩૦/- લાખ સુધી ૫% અને રૂ|.૩૦/- લાખથી વધુના કિસ્સામાં ૧૦% સિક્યોરીટી ડીપોઝીટ લેવાની થાય છે.જેમા ૫% પર્ફોમન્સ બોન્ડ બેંક ગેરંટી તરીકે, ૨.૫% જામીન અનામત એફ.ડી.આર.તરીકે અને ૨.૫% રનીંગ બીલેથી કપાત કરવાના રહેશે.

૯. માર્ગ અને મકાન વિભાગના ઠરાવ નં. આર.જી.એન./૬૦૨૦૦૬/૩૫-સ, તા.૩૧/૦૫/૨૦૦૭ મુજબ રૂ|.૧ કરોડથી વધુ રકમના કામમાં ક્વોલીફાઈડ ઈજનેરની નિમણુક કરવાની રહે છે.

૧૦. માર્ગ અને મકાન વિભાગના પરીપત્રનં.ટીએનસી/૧૦૮૭/૨૫૦(૩)સી તા.૨૧/૧૨/૧૯૮૭ અનુસાર ટેન્ડરો અંદાજીત રકમથી ઘણા આવે છે અને ભાવો ભર્યા કામની ગુણવત્તા પ્રતે દુર્લક્ષ સેવે છે. તથા ઘણી વખત પાછળથી કામ અધુરૂ છોડી દે છે. જેથી કામો સમયસર પૂર્ણ થઈ શકતાં નથી. જે ધ્યાને લઈ ૧૦ % કરતા ઓછા ભાવો હોય ત્યારે ભાવોની વર્કેબીલીટી ચકાસવી અને પોષણક્ષમ ભાવ કરતાં પણ નીચા ભાવો લાગતા હોય તો સૌથી ઓછા ભાવો ભરનાર સંબધિત ઇજારદાર કામ પુરૂ કરવા શક્તિમાન થશે કે કેમ? તેની સપુર્ણ ચકાસણી કરીને તેઓએ અગાઉ કરેલ કામો તથા હાથ ઉપરના કામોની પ્રગતિ વગેરે ધ્યાને લઇ કામગીરી સંતોષકારક જણાય તો જ ઓછા ભાવના ટેન્ડરો સ્વીકારવા ભલામણ કરવાની રહે છે.

૧૧. શ્રમ અને રોજગાર વિભાગના ઠરાવ નં.સી.ડબ્લ્યુ.એ./૧૩૨૦૧૩/૨૭૭૨૭/મ(૩), તા.૨૬/૦૯/૨૦૧૩ મુજબ કુલ બાંધકામ ખર્ચના ૧% લેખે ઇજારદાર પાસેથી લેબર શેષ વસુલ કરી સરકારશ્રીમાં જમા કરવાનુ ઠરાવવામાં આવેલ છે.

૧૨. ગુજરાત વેટ અધિનિયમ-૨૦૦૩ની કલમ-૫૯(બી) તથા નાણાં વિભાગના જાહેરનામાં ક્રમાંક: જી.એચ.એન./૧૪/વેટ/૨૦૦૮/એસ/૫૯/બી/(૩)(૧)/થ અન્વયે તા.૦૧/૦૪/૨૦૦૮થી કામોની રકમ રૂ.૧/- કરોડથી વધે તો ૦.૬૦% ઇજારદારના બીલમાંથી ટી.ડી.એસ. તરીકે વેટની કપાત કરવાની રહેશે અને સરકારશ્રીમાં જમા કરાવવાની રહે છે.

૧૩. આવકવેરા અનિનિયમ-૧૯૬૧ની કલમ-૧૯૪ સી મુજબ કામના બિલોમાંથી ૨% TDSની કપાત કરવાની જોગવાઈ છે.

૧૪. ભારત સરકારશ્રીના નાણાવિભાગના પરિપત્ર નં.-૯૪૫/૬/૨૦૧૧/સી.એકમ, તા.૧૬/૦૫/૨૦૧૨ તથા જાહેરનામા ક્રમાંક નં.૦૬/૨૦૦૬, તા.૦૧/૦૩/૨૦૦૬ તથા ઉત્તરોતર સુધારા અન્વયે સંસ્થા તરફથી પાણી પહોંચાડવા માટે પાણીની પાઇપલાઇનની ખરીદી ઉપર એક્સાઇઝ ડ્યુટીની માફી આપવાની જોગવાઇ થયેલ છે.

૧૫. ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ નં.એસપીઓ-૧૦૨૦૦૫-૧૪૦૫-ચ તા.૮/૭/૧૧ ના ઠરાવ મુજબ ૫ લાખથી વધુના કામ અંગે ઇ-ટેન્ડરીંગ કરવાનું રહે છે.

વર્ષ ૨૦૧૨-૧૩ના મહાનગરપાલિકાના ઓડિટ દરમ્યાન મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ યોજનાકીય કામો/વિકાસના કામો/વર્કસમાં આ સાથેના પત્રકમાં જણાવ્યા મુજબની તાંત્રિક,નાણાંકિય તથા અમલીકરણને લગતી અનિયમિતતાઓ જણાયેલ હતી. યોજનાકીય કામો/વિકાસના કામો/વર્કસ નિયમોનુસાર હાથ ધરી નગરજનોને સુવિધાનો લાભ મળી રહે તથા સરકારશ્રી દ્વારા ફાળવાયેલ નાણાંનો યોગ્ય રીતે અને નિયમોનુસાર ઉપયોગ થાય અને જરૂરી તમામ વૈધાનિક કપાતો કરી સમયસર સરકારશ્રીમાં જમા થાય અને કામો પૂર્ણ થાય તે માટે યોગ્ય કાર્યવાહી હાથ ધરવા સુચન છે.

| વિ.અ. ફકરા નં. | ફકરાની વિગત તથા ઓડિટ નોંધ | વસુલાત પાત્ર રકમ રૂ.(લાખમાં) |
|---|---|---|
| ૪.૧૦ | **પૂર્વઝોન (ઇ-૧) હસ્તકના વોર્ડ ૫,૬,૭ નાં વિસ્તારોમાં રસ્તાઓ ડ્રમ મીકસ પ્લાન્ટ તથા મીકેનીકલ પેવર ફિનીશરથી રી કાર્પેટ રીપેરીંગ કરવાનાં કામ અંગે(ફકરા નં. ૫૩)** | ૧.૨૩ |

| | |
|---|---|
| અંદાજીત રકમ | રૂ|.૧,૭૧,૫૦,૦૦૦/- |
| ટેન્ડર રકમ | રૂ|.૨,૪૯,૬૦,૧૧૦/- (૪૫.૫૪% ઉંચા) |
| કુલ ખર્ચ | રૂ|.૨,૪૦,૦૦,૩૯૬/- |

ઓડિટ નોંધ:-

- ➢ ટેન્ડર નોટીસની વર્તમાનપત્રમાં પ્રસિધ્ધિ બાબતે રૂ|.૫૦/- લાખથી વધુ કામ માટે ઓછામાં ઓછા- ૨ ગુજરાતી દૈનિક ગુજરાતી તથા ૧ અંગ્રેજી દૈનિકમાં ટેન્ડર નિવિદાની પ્રસિધ્ધી કરવા જોગવાઈ થયેલ છે. આ અંગે આધારો રજુ કરેલ નથી.
- ➢ ટેન્ડર પ્રસિધ્ધ કર્યા બાદ તે સ્વીકારવાનો સમય ૨૧ દિવસનો રાખવાનો રહે છે.પરંતુ સંસ્થા દ્વારા વર્ક ફાઇલ અને ટેન્ડર ડોક્યુમેન્ટ રજુ થયેલ ન હોઇ ચકાસણી કરી શકાયેલ નથી.
- ➢ સ્ટેમ્પ ફી પેટે રૂ|.૨૦,૯૭૦/-ની વસુલાત કરી સરકારી સદરે જમા કરવાની રહે.
- ➢ ક્વોલીફાઈડ ઈજનેરની નિમણુક થયેલ નથી. જેથી રૂ|.૧,૦૨,૫૦૦/- વસુલાત કરવાની રહે.
- ➢ સંસ્થા દ્વારા અંદાજીત રકમ કરતા ૪૫.૫૪% ઉંચા દરે વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. કામના અંદાજના ૧૦ ટકા કે તેથી વધુ ઊંચા/નીચા ભાવ મળે ત્યારે રેઈટ એનાલીસીસ કરી ભાવો પોષણક્ષમ હોવાની ખાત્રી કરાવવાની રહે છે.
- ➢ પેવરકામનાં રજીસ્ટર અને વે બ્રીજની વજનચીઠ્ઠી રજૂ થયેલ નથી.
- ➢ બાંધકામના માલસામાનની ગુણવત્તા માટેના પરીક્ષણ પૈકી ૮૦% પરીક્ષણ સ્થળ ઉપર, ૧૦% પરીક્ષણ સરકાર માન્ય લેબોરેટરીમાં અને૧૦% પરીક્ષણ ગેરી લેબોરેટરીમાં કરવાનાના રહે છે.ઉક્ત કામ અંગે વપરાશ કરેલ માલ મટીરીયલના લેબોરેટરી ટેસ્ટીંગના આધારો રજુ કરેલ નથી.
- ➢ કામ અંગે એજન્સીને ડામરનાં સ્ટારરેઇટ તફાવતની રકમ રૂા.૫,૧૨,૨૮૮-૦૦ ચુકવેલ છે. જે અંગે એજન્સી દ્વારા ખરીદેલ ડામરનાં જથ્થા અંગે સ્ટોક વપરાશ બેલેન્સ રજીસ્ટર રજૂ થયેલ નથી. તેમજ ડામર ખરીદીનાં રીફાઇનરીનાં અસલ બીલ/ગેટપાસ રજુ થયેલ નથી.
- ➢ પેવર કામગીરી અંગે માપપોથીમાં આઇટમવાઇઝ મિશ્રણ પાથરવા માટેની વિગતોમાં જે તે રોડ રસ્તાની લંબાઇ, પહોળાઇ, ઉંડાઇ, જાડાઇનાં માપો દર્શાવેલ નથી પરંતુ ડમ્પર/ ટ્રેકટરનું કુલ વજન, મિશ્રણનું નેટ વજન દર્શાવેલ છે.જેથી રોડની જુદી-જુદી પહોળાઇ માટે ડામરની ધનતા-ડામરની ટકાવારી-ગ્રેડેશન-ડેનસીટી મુજબ કામગીરી એજન્સી દ્વારા થયા અંગે આધારસહ ખાત્રી કરાવવી રહે
- ➢ ડામર રીકાર્પેટ કરવા કમિશ્નર દ્વારા મંજુર કરેલ એકશનપ્લાન મુજબ તથા અલગથી મંજુર કરેલ કામોની વિગતો રજુ થયેલ નથી. તેથી ઓડિટવર્ષમાં કરેલ પેવરનાં કામોની સક્ષમ સત્તા દ્વારા મંજુરી મળેલ હોવાની તથા કરેલ કામની યોગ્યતાની ખાત્રી થઇ શકેલ નથી.
- ➢ ડિફેકટ લાયાબીલીટી અંગે એજન્સી પાસેથી જરૂરી રકમની બેન્ક ગેરેંટી મેળવ્યાનાં આધાર રજૂ થયેલ નથી.
- ➢ ઈજરદારને થયેલ ચુકવણા બિલોમાં આવકવેરો રૂા.૪,૮૦,૦૦૮/-, લેબરશેષ રૂા.૨,૪૦,૦૦૪/-, વેટ રૂા.૧,૪૪,૦૦૨/-ની કપાત થયેલ છે. પરંતુ કપાત થયેલ રકમો સરકારશ્રીમાં જમા કરાવ્યા અંગેના આધારો રજુ કરેલ નથી.
- ➢ ઉદ્યોગ અને ખાણ વિભાગનુ ખનિજ માલસામાનની રોયલ્ટી ભર્યા અંગેના આધારો રજુ થયેલ નથી.
- ➢ એસ્ટીમેટની કુલ ૧૩ આઇટમ પૈકી આઇટમ નં. ૨,૫,૬,૭,૮,૧૨,૧૩ માં કુલ રૂ|.૧૧,૭૧,૨૦૫/- રકમનું એજન્સી દ્વારા બીલકુલ કામ થયેલ નથી.કરેલ અંદાજો કરતાં થયેલ કામમાં રૂા.૭૯,૦૬,૨૩૮-૦૦ નું કરતા ઓછું તથા રૂા.૭૧,૦૦,૭૫૫/- કરતા વધુ કામ થયેલ છે. જેથી એકંદરે રૂા.૮,૦૫,૪૮૩/- બચત રહેલ છે. જેથી જે તે અંદાજની આઇટમની કોઇ કામગીરી નહિ થવાથી કામની ગુણવત્તાને કોઇ અસર થવા અંગે તેમજ કામ પ્લાન એસ્ટીમેટ મુજબ થયેલ કામગીરીની આધારો રજુ કરવા રહે.

| | | |
|---|---|---|
| | ➢ એજન્સીને ચૂકવાયેલ સ્ટાર રેઇટની રકમરૂ.૨,૮૮,૯૮૯/- ઉપર ૪૫.૫૪ ટકા પ્રિમિયમ ગણી રૂા.૧૩,૧૧,૬૦૬/- ચુકવણા થયેલ છે. | |

| વિ.અ. ફકરા નં. | ફકરાની વિગત તથા ઓડિટ નોંધ | વસુલાત પાત્ર રકમ રૂા.(લાખમાં) |
|---|---|---|
| ૪.૧૧ | **બી.આર.ટી..એસ. બ્લ્યુ કોરી ડોર ઉપર ૧૮ બસ શેલ્ટર બનાવવાનુ કામ. (ફકરા નં. ૪૨)** | |

| એજન્સીનુ નામ | શ્રી જયેશ કન્સ્ટ્ર. કુા. | ઉર્વી એન્ટર પ્રાઇઝ |
|---|---|---|
| અંદાજીત રકમ | રૂા.૪,૬૭,૭૪,૬૦૦/- | રૂા.૨૦,૧૦,૦૦૦/- |
| ટેન્ડર રકમ | ટેન્ડર બહાર પાડેલ નથી. | આર.સી.મુજબ |
| કુલ ખર્ચ | રૂા.૪,૬૪,૦૯,૪૯૬/- | રૂા.૨૦,૦૨,૧૮૫/- |

ઓડિટ નોંધ:-

- ➢ કામ માટે ઇ-ટેન્ડરીંગ કરવાના બદલે સંસ્થા દ્વારારૂ.૪,૬૭,૭૪,૬૦૦/- જેટલા અંદાજના કામ અંગે ૨૦૦૮-૦૯ માં નિયત કરેલ એજન્સી પાસે જ કામ કરાવેલ છે. જેથી સંસ્થાને સ્પર્ધાત્મક - હરિફાઇ યુકત ભાવોનો લાભ મળી શકેલ નથી.
- ➢ કામની માપપોથી રજુ થયેલ નથી.
- ➢ કામના બિલોમાંથી આવકવેરો રૂા.૩,૭૨,૯૭૮/-,લેબરશેષરૂ.૧,૮૬,૪૯૦/-, વેટ રૂા.૧,૧૧,૮૯૪/-ની કપાત થયેલ છે. પરંતુ કપાત થયેલ રકમો સરકારશ્રીમાં જમા કરાવ્યા અંગેના આધારો રજુ કરેલ નથી.
- ➢ આઇટમ નં.૨૦ ટફન ગ્લાસ ૧૨ એમએમ (૨.૪૦X૩.૧૦) ૧ નંગનો અંદાજીત ભાવ રૂ|.૧,૧૫,૦૦૦/- હતા. જયારે રીવાઇઝ એસ્ટીમેટ ભાવ રૂા.૨,૨૯,૩૧૦/- મુજબ છે. એસ્ટીમેટ ભાવ મુજબ ૩૮ નંગ ગ્લાસની ખરીદી થયેલ છે. આ અંગે આધારો રજુ કરવા રહે.
- ➢ બી.આર.ટી.એસ. રૂટ ઉપર થયેલ ૧૮ બસ શેલ્ટરની મિલ્કત રજીસ્ટરે નોંધ નથી.
- ➢ દરેક બસ સ્ટોપના ઇલેકટ્રીક વાયરીંગ - ફીટીંગ કામગીરી અંગે સંસ્થાએ આરસી કરેલ એજન્સી શ્રી ઉર્વી એન્ટરપ્રાઇઝ પાસે કામગીરી કરાવેલ છે. જે અંગે રૂા.૨૦,૦૨,૧૮૫/- ચુકવણી કરેલ છે. જેમાં આવકવેરો રૂા.૪૦,૦૪૪/- અને લેબરશેષરૂા.૨૦,૦૨૨/- ની બીલમાંથી કપાત કરેલ છે. આ કામની વર્કફાઇલ અને માપપોથી રજુ થયેલ નથી. તેમજ કમ્પે. સર્ટી રજુ થયેલ નથી. જેથી થયેલ કામગીરી તથા એજન્સીને કરેલ ચુકવણાની ખાત્રી થઈ શકેલ નથી.

| વિ.અ. ફકરા નં. | ફકરાની વિગત તથા ઓડિટ નોંધ | વસુલાત પાત્ર રકમ રૂા.(લાખમાં) |
|---|---|---|
| ૪.૧૨ | **રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં સંસ્થા દ્વારા થયેલ આંગણવાડી બાંધકામ અંગેનાં કોન્ટ્રાકટમાં જણાયેલ અનિયમિતતા બાબત.(ફકરા નં. ૫૪)** | |

| | |
|---|---|
| (૧) રાષ્ટ્રીયપર્વ ઉજવણી અંગે મળેલ ખાસ ગ્રાન્ટ | રૂા.૧,૦૦,૦૦,૦૦૦/- (૧૬ આંગણવાડી બનાવવા) |
| (૨) કોર્પોરેટ સોસીયલ રીસ્પોન્સીબીલીટી પોલીસી અંતર્ગત હુડકો દ્વારા મળેલ ગ્રાન્ટ | રૂા.૬૭,૦૩,૦૦૦/- (૭ આંગણવાડી બનાવવા) |
| કુલ ખર્ચ | રૂા.૧,૪૮,૫૯,૧૫૫/- |

**ઓડિટ નોંધ:-**

- ➢ નિયમ મજુબ ટેન્ડર નિવિદાની પ્રસિધ્ધિ ન કરતા હરીફાઈ યુક્ત ભાવોનો લાભ સંસ્થાએ ગુમાવેલ છે.
- ➢ નિયમ મુજબ સ્ટેમ્પ ડ્યુટીની વસુલાત થયેલ નથી. જેથી સ્ટેમ્પ ડ્યૂટીની રકમ કુલ રૂ|.૨૨,૬૯૨/- વસુલ કરી સરકારશ્રીમાં નિયત સદરે જમા કરાવવી રહે.

| | | |
|---|---|---|
| | ➢ બાંધકામના મટીરીયલ્સ અને કોમ્પોનેન્ટસ સેમ્પલની ગુણવતા માટેના પરિક્ષણ પૈકી ૮૦% પરિક્ષણ સ્થળ પર તથા ૧૦% પરિક્ષણ સરકાર માન્ય લેબોરેટરી/ગેરી દ્વારા તેમજ ૧૦% ગેરી લેબોરેટરીમાં કરાવવાના રહે છે. જે કરાવ્યાના આધાર રજુ થયેલ નથી.<br>➢ કોન્ટ્રાકટર દ્વારા વપરાશ કરેલ ખનીજ પર રોયલ્ટી સંપુર્ણ ભરાયેલ હોવા અંગેનું સંબંધીત કચેરીનું નો ડયુ સર્ટીફિકેટ એજન્સીએ મેળવી રજૂ કરવાનું રહે છે. જે મળ્યાના આધાર રજૂ થયેલ નથી.<br>➢ આંગણવાડી બાંધકામના અંદાજમાં ૩ ટકા ઇલેક્ટ્રીક કામગીરી કરાવવાની હતી. જે અંગે ઇલે.સુપરવાઇજર દ્વારા આ કામની ગુણવત્તાટેસ્ટીંગ કરી પ્રમાણપત્ર મેળવેલ હોવાના આધારો રજુ કરેલ નથી.<br>➢ સંસ્થા દ્વારા આંગણવાડી જ બાંધકામ કરવા વર્ક ઓર્ડર આપેલ હતા જે પૈકી ૧૪ આંગવાડી કામ પર્ણ થયેલ છે. બાકીની આંગણવાડીનું કામ પુર્ણ થયા અંગે કોઇ વિગતો રજુ થયેલ નથી.<br>➢ ઉકત કામની વર્કફાઇલ પ્લાન એસ્ટીમેટ – ટેન્ડર ડોકયુમેટ – માપપોથી રજુ થયેલ નથી.<br>➢ સંસ્થા દ્વારા તૈયાર કરેલ અંદાજ મુજબ એક આંગણવાડી બાંધકામ રૂા.૭,૫૩,૦૦૦/- માં એક રૂમ,રસોડુ,ટોયલેટ સહિત ૪૫.૧૧ ચો.મી. બિલ્ડઅપ એરીયા બાંધકામ કરવાનું રહે છે. જ્યારે સંસ્થા દ્વારા સ્ટેન્ડીગ કમિટીના ઠરાવ નં.૨૬૮/૩-૮-૧૨ માં એક આંગણવાડી માટે રૂા.૯,૦૦,૦૦૦/- અંદાજ સામે ૬૯૦ ચો.ફુટ બાંધકામ તથા સ્ટેન્ડીગ કમિટીના ઠરાવ નં.૨૭૯/૧૭-૮-૧૨માં એક આંગણવાડી માટે રૂા. ૭,૫૩,૦૦૦-૦૦ સામે ૫૮૦ ચો. ફુટ બાંધકામ કરવાનું ઠરાવેલ હતુ. જેથી અંદાજો મુજબ કામગીરી ન કરવા બાબતે ખાત્રી કરાવવી રહે.<br>➢ કપાત કરેલ આવકવેરા રૂા.૨,૯૭,૧૮૩/- અને લેબર શેષની રૂા.૧,૪૮,૫૯૧/- સરકારશ્રીમાં જમા કરાવ્યાના આધારો રજુ થયેલ નથી. | |

**૪.૧૩ વિના ટેન્ડરે સંસ્થા દ્વારા થયેલ ફર્નિચર ખરીદી અંગે. (ફકરા નં.-૧૮)**

સેન્ટ્રલ સ્ટોર (સ્ટે.) શાખાના હિસાબો રજીસ્ટરોની ચકાસણી કરતા સંસ્થા દ્વારા તેની જુદી-જુદી શાખાઓના ઉપયોગ માટે નીચે જણાવેલ એજન્સી પાસેથી ટેબલ, ખુરશી, રીવોલ્વીંગ ચેર, સ્ટીલ કબાટ, સ્ટીલ રેક, સ્ટીલ પલંગ જેવું ફર્નિચરની ખરીદી થયેલ છે.

| | | |
|---|---|---|
| ૧ | શ્રી ગ્રામ શિલ્પ ખાદી ભંડાર | ૮,૯૭,૫૦૫ |
| ૨ | શ્રી સમન્વય સરંજામ | ૩,૩૦,૨૧૫ |
| ૩ | શ્રી મોદી કોર્પોરેશન | ૩,૧૬,૧૦૦ |
| | કુલ | ૧૫,૪૩,૮૨૦ |

જે અંગે નીચે મુજબ અન્વેષણ નોંધ આપવામાં આવે છે.

(૧) ગુજરાત સરકારશ્રીના ઉદ્યોગ-ખાણ વિભાગના ઠરાવ નં.એસપીઓ-૧૦૯૫-૨૬૩૬-૯૭-ચ તા.૨૩/૯/૯૭ મુજબ ઉકત ઠરાવના મુદા નં.૮ માં દર્શાવેલ સરકારી સંસ્થાઓ (કક્ષા-અ) પાસેથી વિના ટેન્ડરે ખરીદી કરી શકાય છે. જયારે કક્ષા-બ માં દર્શાવેલ સરકાર માન્ય સંસ્થાઓના કિસ્સામાં જે સંસ્થા જાતે ઉત્પાદન કરતી હોય ફકત તે આઇટમ પુરતી આવી માન્યતા ગણાશે.પરંતુ નીચે દર્શાવેલ નાણાકીય મર્યાદા સુધી જ વગર ટેન્ડરે ખરીદી કરી શકાય.

(i) રૂા.૪૦,૦૦૦/- સુધી કક્ષા-બી સંસ્થાઓ પાસેથી ઓછામાં ઓછા ત્રણ ભાવ પત્રકો મેળવીને

(ii) રૂા.૪૦,૦૦૦/- થી રૂા.૨,૦૦,૦૦૦/- સુધી ટચુકડી જાહેર ખબર આપીને ખુલ્લા ટેન્ડર મેળવીને જે ત્રણ કરતા ઓછા ન હોવા જોઇએ.

(iii) રૂા.૨,૦૦,૦૦૦/- ઉપરની ખરીદી જેની વિગતવાર જાહેરખબર આપી ખુલ્લા ટેન્ડર મેળવીને ખરીદી શકાશે.

સંસ્થા દ્વારા કક્ષા-બ ની એજન્સી ગ્રામ શિલ્પ ખાદી ભંડાર તથા સમન્વય સરંજામ પાસેથી રૂા.૨.૦૦ લાખથી વધુ તેમજ એક ખાનગી એજન્સી મોદી કોર્પોરેશન પાસેથી ખરીદી કરેલ છે. જે અંગે નિયમાનુસાર ખુલ્લા ટેન્ડર મંગાવી કાર્યવાહી કરેલ નથી. તેમજ સરકારશ્રીના ઉદ્યોગ-ખાણ ખનીજ વિભાગના ઠરાવ નં.એસપીઓ-૧૦૨૦૦૫-૧૪૦૫-ચ તા.૮/૭/૧૧ ની સુચના મુજબ રૂા.૫.૦૦ લાખથી વધુની ખરીદી અંગે ઇ-ટેન્ડરીંગ કરેલ નથી. જેથી સંસ્થાએ વધુ સારા સ્પર્ધાત્મક ભાવો મેળવવાનો લાભ ગુમાવેલ છે.

(૨) સેન્ટ્રલ સ્ટોર શાખાના રજીસ્ટરમાં ખરીદીની નોંધ થયેલ છે. પરંતુ જે તે શાખાને ઇસ્યુ થયેલ ફર્નિચર તે શાખાના ડેડસ્ટોક રજીસ્ટરમાં જમા લીધાના પાના નંબર, ક્રમ નંબર, તારીખ સાથેની વિગતવાર પહોંચ શાખાધિકારીશ્રીની સહીવાળી મેળવવામાં આવતી નથી.

**૪.૧૪ એસી પ્રેસર પાઇપ ખરીદી અંગેનાં આરસી કરવા બાબત (ફકરા નં.-૨૪)**

સેન્ટ્રલ સ્ટોર (એન્જી) દ્વારા રજૂ થયેલ હિસાબ રેકર્ડની ચકાસણી કરતા સંસ્થા દ્વારા મહાનગરપાલિકા વિસ્તારમાં વોટર વર્કસ વિભાગની કામગીરી અંગે જુદી-જુદી સાઇઝનાં એસી પ્રેસર પાઇપની જરૂરીયાત રહે છે જે અંગે માંગણી મુજબ જથ્થો સત્વરે ખરીદી શકાય તે માટે વાર્ષિક રેઇટ કોન્ટ્રાકટ કરવા અંગે સંસ્થાએ ઇ ટેન્ડરીંગ કરતા કુલ ત્રણ એજન્સીનાં ભાવ મળેલ હતા જેમાં એલ-૧ એજન્સી સાથે કુલ ૨૨ આઇટમ પૈકી

(૧) આઇટમ નં. ૧ ૨ ૧૨ ૧૩ અંગે એ ઇન્ફ્રાસ્ટ્રકચર લી. ભીલવાશ રાજસ્થાન તથા

(૨) બાકીની આઇટમ નં. ૩ થી ૧૧ તથા ૧૪ થી ૨૨ અંગે અપૂર્વ વિનિમય પ્રા. લી. અમદાવાદ સાથે કરાર કરી સ્ટેન્ડીગ કમિટીના ઠરાવ નં.૪૦૪/ ૨૮-૯-૧૨ થી મંજુરી આપેલ હતી અને જુદા-જુદા વર્કઓર્ડરથી સને ૨૦૧૨-૧૩ દરમ્યાન નીચેની વિગતે જે તે એજન્સી પાસેથી એસી પ્રેસર પાઇપની ખરીદી અંગે ચુકવણી કરેલ હતી.

| ક્રમ | પાર્ટીનુ નામ | રકમ |
|---|---|---|
| (૧) | શ્રી એ ઇન્ફ્રાસ્ટ્રકચર પ્રા. લી. | ૧,૩૦,૯૪,૬૧૨ |
| (૨) | શ્રી અપૂર્વ વિનીમય પ્રા. લી. | ૧,૧૭,૦૫,૦૨૧ |
| | કુલ | ૨,૪૭,૯૯,૬૩૩ |

ઉપરોક્ત બાબતે રજુ થયેલ વર્કફાઇલ માપપોથી સ્ટોક રજીસ્ટર વગેરે રેકર્ડની ચકાસણી કરતા નીચે મુજબ અન્વેષણ નોંધ આપવામાં આવી છે.

(૧) ગુજરાત જાહેર બાંધકામ નિયમ સંગ્રહ પુસ્તક- ૧ ના ફકરા નં. ૨૦૦ તથા માર્ગ અને મકાન વિભાગના તા. ૨૫/૦૧/૨૦૦૧ ના પત્ર નં. ટીએનસી-૧૦૨૦૦૧-યુઓ-૨૧૬-૪૫-સી મુજબ ૨૦ લાખ કરતા વધુનાં કામો અંગે ગુજરાતી સ્થાનિક તથા અમદાવાદ ખાતે પ્રસિદ્ધ એક અંગ્રેજી એક ગુજરાતી દૈનિકમાં જાહેરાત પ્રસિદ્ધ કરેલ નથી.

(૨) મુંબઇ સ્ટેમ્પ એકટ ૧૯૫૮ની અનુસૂચિ-૧નાં આર્ટીકલ ૩૬(ક) તથા ૨૦(ક) તથા સુપ્રિ. ઓફ સ્ટેમ્પ લી. ગાંધીનગર પરિપત્ર નં. સ્ટેમ્પ/કપદ/૫૯૩/૦૬/૩૦-૩-૦૭ મુજબ એજન્સી દ્વારા સીકયોરીટી ડિપો.ની રકમ બેંક એફડીઆર તરીકે આપેલ હોય તો અનામતની રકમનાં ૪.૯૦ ટકા મુજબ સ્ટેમ્પ ડયુટી વસૂલ કરવાની રહે છે. ઉક્ત કિસ્સામાં બંને એજન્સી દ્વારા રૂા. ૧૪૭૦૦-૦૦ ના એગ્રીમેન્ટ રૂ.૧૦૦-૦૦ સ્ટેમ્પ ઉપર (૪.૯૦ ટકા મુજબ) કરેલ છે. જેથી બન્ને ઇજારદારો પાસેથી રૂ.૧૪,૬૦૦/- લેખે કુલ રૂ.૨૯૨૦૦/- સ્ટેમ્પ ડ્યુટી વસુલાત કરવી રહે.

(૩) સંસ્થા દ્વારા આરસી કરેલ બંને એજન્સી પાસેથી અનુક્રમે (૧) શ્રી અપુર્વ વિનિમય પ્રા. લી. રૂા. ૧,૩૦,૯૪,૬૧૨ તથા (૨) શ્રી એ ઇન્ફ્રાસ્ટ્રકચર લી. રૂા. ૧૧૭૦૫૦૨૧-૦૦ મળીને કુલ રૂા. ૨૪૭૯૯૬૩૩-૦૦ જેટલી રકમનાં એસી પ્રેસર પાઇપની સને ૨૦૧૨-૧૩ દરમ્યાન ખરીદી કરેલ છે. સેન્ટ્રલ એકસાઇઝ નોટીફિકેશન નં. ૬/૨૦૦૬ તા. ૧-૩-૦૬ તથા નં. ૬/૨૦૦૭ તા. ૧-૩-૦૭ તથા ૨૬/૨૦૦૯ તા. ૪-૧૨-૦૯ મુજબ કલેકટરશ્રીનું એકસાઇઝ મુકતી પ્રમાણપત્ર મેળવી એ. સી. પ્રેસર પાઇપની ખરીદી કરવા કાર્યવાહી થયેલ નથી. જેથી સંસ્થાને બીન જરૂરી ૧૨.૩૬ ટકા જેટલી સેન્ટ્રલ એકસાઇઝનો ખર્ચ ભોગવવો પડેલ છે જેના લીધે સંસ્થાએ રૂા.૨૭,૨૮,૦૪૮/- નો મળવાપાત્ર લાભ ગુમાવ્યો છે.

(૪) સંસ્થાનાં એસી પ્રેસરપાઇપ સ્ટોક રજીસ્ટરની ચકાસણી કરતા તા. ૨-૫-૧૨ ની નોંધમાં ૮૦ એમ એમ પ્રેસર પાઇપનાં સ્ટોકમાં ૧૯૨૫ મીટર પૈકી ઇસ્યુ જથ્થો ૬૦ મીટર ધ્યાને લેતા બંધ સ્ટોક ૧૮૬૫ મીટર રહે તેના બદલે બંધ સ્ટોક ૧૯૬૫ મીટર દર્શાવેલ છે અને ભુલ સુધારણાની નોંધમાં (-)૧૩૦ મીટર કરી બંધ સ્ટોક ૧૮૩૫ દર્શાવેલ છે જે ખરેખર સ્ટોક કરતા ૩૦ મીટર વધુ માઇનસ કરેલ છે.તે અંગે રેકર્ડ આધારિત ખાત્રી કરાવવી રહે.

**૪.૧૫ JNNURM અંતર્ગત BSUP-૧ તથ ૨ યોજનાના આવાસોની ફાળવણીમાં અનિયમિતતા બાબત (જુર્નુમશાખા) (ફકરા નં.-૧૩૪)**

શહેરી ગરીબોને પાયાની સુવિધા પુરી પાડવા માટે બી.એસ.યુ.પી. યોજના અમલમાં મૂકવામાં આવી છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા બી.એસ.યુ.પી.1 અને બી.એસ.યુ.પી.2 યોજના અંતર્ગત નીચે મુજબ આવાસો તૈયાર કરવામાં અને ફાળવવામાં આવ્યા હતા

**ફાળવવામાં આવેલા આવાસોની વિગત નીચે મુજબ છે.**

| વિગત | બી.એસ.યુ.પી.-૧ | બી.એસ.યુ.પી.-૨ |
|---|---|---|
| ડી.પી.આર.માં સમાવિષ્ટ આવાસ | ૩૩૮૫ | ૪૩૩૪ |
| મંજૂર થયેલ આવાસ | ૨૬૪૦ | ૩૪૦૦ |
| બનાવવામાં આવેલા આવાસો | ૧૮૦૮ | ૩૧૬૮ |
| મંજૂર થયેલ પણ નહી બનેલા આવાસો | ૮૩૨ | ૨૩૨ |
| બનેલા પૈકી ફાળવેલા આવાસો | ૧૮૦૬ | ૨૮૦૮ |
| લાભાર્થીઓએ સ્વીકારેલા આવાસો | ૧૬૩૯ | ૨૭૨૭ |
| નહી સ્વીકારાયેલા આવાસો | ૧૬૭ | ૮૧ |
| બનેલા પરંતું ફાળવવાના બાકી આવાસો | ૨ | ૩૬૦ |
| બી.એસ.યુ.પી-૩ ટ્રાઝીન્ટ હેઠળ અનામત રાખેલ(સ્ટે.કમીટી ઠરાવ-૮૧ તા.૧૧/૫/૨૦૧૨) | --- | ૩૬૦ |

**ઓડિટ નોંધ**

(૧) બી.એસ.યુ.પી.-૧ યોજના અંતર્ગત ૩૩૮૫ આવાસ અને બી.એસ.યુ.પી.૨ યોજના અંતર્ગત ૪૩૩૪ આવાસોનો ડી.પી.આર.માં સમાવેશ કરવામાં આવેલો પરંતું બી.એસ.યુ.પી.-૧ યોજનામાં ૨૬૪૦ આવાસોને અને બી.એસ.યુ.પી.-૨ યોજનામાં ૩૪૦૦ આવાસોને મંજૂરી આપવામાં આવી હતી. જો ડી.પી.આર.માં સમાવેશ કર્યા મૂજબના આવાસોને મંજૂરી આપવામાં આવી હોત તો બી.એસ.યુ.પી.-૧ યોજનાના માધ્યમથી ૭૪૫ અને બીએસયુપી ૨ યોજનાના માધ્યમથી ૯૩૪ એમ કૂલ ૧૬૭૯ ગરીબોને આવાસનો લાભ આપી શકાયો હોત. ડી.પી.આર.માં સમાવેશ કરેલ આવાસોની સંખ્યા કેવી રીતે નક્કી કરવામાં આવી હતી ? તેમજ નક્કી કરેલી સંખ્યા મૂજબના આવાસો કેમ મંજૂર કરી નથી શકાયા જેની ખરાઇ કરાવેલ નથી.

(૨) બીએસયુપી ૧ યોજનાના મંજૂર થયેલ ૨૬૪૦ આવાસો પૈકી ૧૮૦૮ આવાસો જ તૈયાર કરવામાં આવ્યા હતા જ્યારે બીએસયુપી ૨ યોજનાના મંજૂર થયેલ ૩૪૦૦ આવાસો પૈકી ૩૧૬૮ આવાસો તૈયાર કરવામાં આવ્યા હતા. મંજૂર કર્યા પછી પણ બીએસયુપી ૧ યોજનાના ૮૩૨ અને બીએસયુપી ૨ યોજનાના ૨૩૨ મળીને કૂલ ૧૦૬૪ આવાસો તૈયાર કરવામાં આવેલ નથી.

(૩) બીએસયુપી ૨ યોજનાના ૯૫૩ આવાસો અને બીજા ૧૨ આવાસોની ફાળવણી કર્યા બાદ આ ફાળવણી રદ કરીને પુન: ફાળવણી કરવામાં આવી હતી. ફાળવણી રદ શા માટે કરી ? રદ કરવાના, ફાળવણીના અને પુન: ફાળવણીના ધોરણો રજુ થયા નથી.

(૪) આવાસો સંપૂર્ણ તૈયાર ક્યારે થયા હતા ? આવાસો તૈયાર થયા પછી કેટલો સમય સુધી ફાળવ્યા વગરના પડ્યા રહ્યા હતા ? જો ફાળવણીમાં વિલંબ થયો હોય તો આ વિલંબ માટે ના કારણો ? રજુ કરેલ નથી.

(૫) બીએસયુપી ૧ યોજના અંતર્ગત બનેલા ૧૮૦૮ આવાસો પૈકી ૧૮૦૬ આવાસોની ફાળવણી કરવામાં આવી હતી જે પૈકી અન્વેષણ તારીખ સુધીમાં ૧૬૩૯ આવાસ સ્વીકારાયેલ હતા. અને ૧૬૭ આવાસો સ્વીકારાયેલ ન હતા જ્યારે ૨ આવાસો ફાળવણી કરેલ નથી.જેની પુનઃ ફાળવણી કરેલ નથી.

(૬) બીએસયુપી ૨ યોજના અંતર્ગત બનેલા ૩૧૬૮ આવાસો પૈકી ૩૬૦ આવાસો બીએસયુપી-૩ ટ્રાંઝીસ્ટ હેઠળ અનામત રાખવામાં આવ્યા હતા. અનામત રાખવામાં આવેલા આ આવાસોની નીયમિત ફાળવણી કરવા બાબતે માહિતી રજુ કરેલ નથી.

(૭) બી.એસ.યુ.પી યોજનાની માર્ગદશીકાના પારા નં -૩, ૪ મુજબ તૈયાર આવાસોની કિંમતના ૧૦% લેખે રીવોલ્વીંગ ફંડ ઉભુ કરેલ નથી.

(૮) બી.એસ.યુ.પી-૨ યોજના અંતર્ગત બનેલા ૩૧૬૮ આવાસો પૈકી ૨૮૦૮ આવાસોની ફાળવણી કરવામાં આવી હતી જે પૈકી અન્વેષણ તારીખ સુધીમાં ૨૭૨૭ આવાસ સ્વીકારાયેલ હતા. અને ૮૧ આવાસો સ્વીકારાયેલ ન હતા જ્યારે ૩૬૦ આવાસો ફાળવણી કરેલ નથી. જેની પુનઃ ફાળવણી કરેલ નથી.

બી.એસ.યુ.પી.-૧ યોજનાના ૧૬૯ આવાસ (૧૬૭+૨ ફાળવવાના જ બાકી) તથા બી.એસ.યુ.પી.-૨ યોજનાના ૪૪૧(૮૧+૩૬૦ ફાળવવાના જ બાકી) આવાસની ફાળવણી બાબતે આધારો રજુ કરેલ નથી

(૯) સાઈટ સિલેક્શનની પ્રોસેસ શુ છે ? તે બાબતે ફાઈલે રિપોર્ટ સામેલ ન હોય જે બાબતે ઓડિટ ખરાઈ કરાવવી રહે.

(૧૦) આવાસોનુ કામ કયારે પૂર્ણ થયુ તેની કોઈ માહિતી ફાઈલે સામેલ નથી.

(૧૧) બીપીએલ અરજદારો પાસેથી અરજી મંગાવવાની પધ્ધતિની નકલ તેમજ આ અરજદારોએ અગાઉ લાભ લીધેલ છે કે કેમ તે અંગેની માહિતી  ફાઈલે સામેલ નથી.

(૧૨) સંસ્થા દ્વારા ફાળવવામાં આવેલ આવાસ યોજના અંગે કોઈ વસુલાત રજીસ્ટર નિભાવવામાં આવેલ નથી.જેથી ક્યા આસામી પાસેથી વર્ષ દરમ્યાન કેટલી વસુલાત મળેલ છે.અને કેટલી વસુલાત બાકી રહે છે,તેની આવાસ વાઈઝ/વ્યકિત વાઈઝ ચકાસણી થઈ શકેલ નથી.

કોમ્પ્યુટરાઈઝડ ખતવેલ વિગતે ચકાસણી કરતા બન્ને યોજનામાં નમૂનારૂપ કિસ્સાઓમાં છેલ્લા ૫ વર્ષથી હપ્તા પેટે બી.એસ.યુ.પી-૧ ની રકમ રૂ.૨,૧૯,૨૦૦/- અને બી.એસ.યુ.પી-૨ની રકમ રૂ.૨,૫૯,૬૦૦/- કુલ રકમ રૂ.૪,૭૮,૮૦૦/- વસુલ થયેલ નથી

## ૪.૧૬ વસુલ કરેલ સર્વિસ ટેક્ષની રકમ સરકારશ્રીમાં જમા નહી કરાવવા બાબત (ફકરા નં.-૬)

કેન્દ્રિય નાણાકીય અધિનિયમ-૧૯૯૪ ની કલમ-૭૦ તથા સર્વિસ ટેક્ષ નિયમોના નિયમ-૭ મુજબ સંસ્થા દ્વારા વસુલવામાં આવેલ તથા ભરપાઈ કરેલ સર્વિસ ટેક્ષનું છ માસિક રીટર્ન ફાઈલ કર્યાની ફાઇલ રજુ થયેલ નથી જેથી કેન્દ્રિય નાણાકીય અધિનિયમ-૧૯૯૪ ની કલમ-૭૫મુજબ સર્વિસ ટેક્ષની રકમ સમયસર ભરપાઇ નહી કરવા સબબ વ્યાજ તથા કલમ-૭૩ મુજબ સર્વિસ ટેક્ષની રકમ જેટલી અથવા તેની બે ગણી દંડની રકમ વસુલ લેવાની જોગવાઇ થયેલ છે. સંસ્થા દ્વારા ભરેલ રીટર્નની વિગતો રજુ થયેલ ન હોવાથી ચકાસણી થઇ શકેલ નથી. પરંતુ સંસ્થાએ ઓડિટમાં રજુ કરેલ માહિતી ઉપરથી જાણવા મળ્યા મુજબ રાજકોટ મહાનગરપાલિકાના સને ૨૦૧૨-૧૩ નાં અન્વેષણ દરમ્યાન સંસ્થાની માલીકીના કોમ્યુનીટી હોલ, ખુલ્લા મેદાનો ભાડે આપવા અંગે અન્વેષણ વર્ષમાં ભાડાની રકમ સાથે કેન્દ્ર સરકારશ્રીના નિયમો મુજબ ૧૨.૩૬ ટકા સર્વિસ ચાર્જ પેટે રૂા.૩૬.૨૧ લાખ વસુલ કરેલ છે. જે બાબતે નીચે મુજબ અન્વેષણ નોંધ આપવામાં આવે છે.

(૧) કેન્દ્રીય નાણાકીય અધિનિયમ-૧૯૯૪ ની કલમ-૬૬ તેમજ સર્વિસ ટેક્ષ નિયમોનાં નિયમ-૬ મુજબ સર્વિસ ટેક્ષ પાત્ર સેવાઓ પર નિયમાનુસાર સર્વિસ ટેક્ષ જે તે માસમાં વસુલ તે માસ પછીના માસની પાંચમી તારીખ સરકારશ્રીમાં જમા કરાવવાની રહે છે. સંસ્થા દ્વારા સને ૨૦૧૨-૧૩ માં વસુલ કરેલ રૂા.૩૬.૨૧ લાખ સર્વિસ ટેક્ષ પૈકી માત્ર રૂ.૪.૮૮ લાખ સરકારશ્રીમાં જમા કરાવેલ છે. જ્યારે રૂા.૩૧.૩૩ લાખ સર્વિસ ટેક્ષ સરકારશ્રીમાં જમા કરાવવાનો બાકી છે.

(૨) સંસ્થાને સને ૨૦૧૦-૧૧ તથા ૨૦૧૧-૧૨ ના અન્વેષણ અહેવાલમાં ફકરા નં.૧૦૫ તથા ૭ થી સર્વિસ ટેક્ષની રકમ સરકારશ્રીમાં જમા કરાવવા જણાવવા છતાં અમલવારી કરેલ નથી.

(૩) સંસ્થા દ્વારા સને ૨૦૧૪-૧૫ ની બજેટ બુકમાં દર્શાવેલ વિગતો મુજબ સને ૨૦૧૦-૧૧ થી ૨૦૧૨-૧૩ અંતિત કુલ ૧૪૩.૮૧ લાખ સર્વિસ ટેક્ષ જમા કરાવવાનો બાકી રહેલ છે.

## ૪.૧૭ એડવાન્સ રજીસ્ટર નહી નિભાવવા બાબત (ફકરા નં.-૮)

મહાનગરપાલિકાના આવક-ખર્ચની ચકાસણી કરતા સંસ્થાના સને.૨૦૧૪-૧૫ના અંદાજપત્રકની વિગતે સને.૨૦૧૦-૧૧ થી સને.૨૦૧૨-૧૩ દરમ્યાન કુલ રૂા.૧૮૭૧.૦૯ લાખ સંસ્થા દ્વારા બાંધકામ શાખા, વોટર શાખા, રોશની શાખાને તથા જુદા-જુદા કર્મચારી એડવાન્સ/પેશગી તરીકે રકમ ચુકવવામાં આવેલ હતી. જે પૈકી ૧૪૫૪.૦૮ લાખ એડવાન્સ સરભર થતા વર્ષ આખરે (તા.૩૧/૩/૧૩ અંતિત) ૪૧૭.૦૧ લાખ એડવાન્સની રકમ સરભર કરવાની બાકી હતી.

અન્વેષણ વર્ષ ૨૦૧૨-૧૩ દરમ્યાન કુલ ૭૪૫.૧૭ લાખ મંજુર એડવાન્સ/પેશગી પૈકી ૪૮૦.૪૬ લાખ સરભર થતા વર્ષ આખરે ૨૬૪.૭૧ લાખ એડવાન્સ પેશગી સરભર થવાની બાકી હતી.
જે અંગે નીચે મુજબ ઓડિટ નોંધ આપવામાં આવે છે.

(૧) મ્યુનિસીપલ એકાઉન્ટ કોડ ના નિયમ-૫૨(૧) માં નિયત થયેલ એન.ઓ.સી. ફોર્મ - ૧૦૯જીદર્શાવેલ નમુના મુજબ અદ્યતન રજીસ્ટર નિભાવેલ નથી.

(૨) ઉકત નિયમ-૧૫૧ મુજબ એડવાન્સ ચુકવ્યા બાદ ૩ માસમાં અથવા જે-તે નાણાકીય વર્ષ પુર્ણ થતા પહેલા ૩૧ માર્ચ પહેલા એડવાન્સ રકમ સરભર કરી થયેલ ખર્ચ જે તે પાકા હિસાબી સદરે ઉધારવા અંગે જરૂરી નોધ કરવાની રહે છે. જે મુજબની અમલવારી ના થવાથી સને ૨૦૧૨-૧૩ માં રૂા.૨૬૪.૭૧ લાખ એડવાન્સ સરભર થવાના બાકીમાં છે.

## ૪.૧૮ મહાનગરપાલિકાના જુદા-જુદા વિસ્તારોમાં આવેલા બગીચાઓની જાળવણી, નિભાવણી અંગે કરારથી અપાયેલ કામગીરીની અનિયમિતતા બાબત. (ફકરા નં. ૧૨૦)

બગીચા શાખાની ફાઇલોની ચકાસણી કરતા નીચે મુજબ ઓડિટ નોંધ આપવામાં આવે છે.

(૧) મહાનગરપાલિકા વિસ્તાર હેઠળના બગીચાઓને કુલ ચાર ભાગ સેન્ટ્રલ ઝોન ભાગ-૧, સેન્ટ્રલ ઝોન ભાગ-૨, ઇસ્ટઝોન તથા વેસ્ટઝોન હેઠળ આવરી લઇ ઇ-ટેન્ડરીંગથી ભાવો મંગાવવામાં આવેલ.

બીડ ડોકયુમેન્ટ ડાઉનલોડ કરવાની તા.૨/૬/૧૧ થી તા.૯/૬/૧૧ તેમજ બીડ ડોકયુમેન્ટ સબમીટ કરવાની છેલ્લી તા.૯/૬/૧૧ રાખવામાં આવેલ. સરકારશ્રીના તા.૨૭/૫/૧૧ ના પરિપત્ર અનુસાર ઓનલાઇન અથવા ઓફલાઇન ટેન્ડર પ્રસિદ્ધિનો સમયગાળો ઓછામાં ઓછો ૨૧ દિવસનો રાખવાનો રહે છે. મહાનગરપાલિકા દ્વારા ફકત આઠ દિવસની જોગવાઇ કરવામાં આવેલ.જેથી હરિફાઇ યુકત ભાવોનો લાભ મેળવી શકાય.

સોમનાથ એન્ટરપ્રાઇઝ, છગનભાઇ તળપદા તથા જય કન્સ્ટ્રકશનને સ્ટે.ક.ઠ.નં.૨૨૯ તા.૨૯/૭/૧૧ થી તેમજ કમિ.શ્રી વહીવટી ઠરાવ નં.૨૦૮ તા.૧૧/૮/૧૧ થી ૧૨ ટકા ઓછા ભાવે ફરીથી ત્રિવાર્ષિક કોન્ટ્રાકટ આપવામાં આવેલ. સરકારશ્રીનાં માર્ગ અને મકાન વિભાગનાં પરિપત્ર નંબર એનસી/૧૦૮૭/૨૫૦/૩/સી. તા. ૨૧/૧૨/૧૯૮૭ મુજબ કામનાં અંદાજના ૧૦% કે તેથી વધુ ઉંચા ભાવ/નીચા ભાવ મળે ત્યારે રેઇટ એનાલીસીસ કરી ભાવો પોષણક્ષમ હોવાની ખાત્રી કરાવવી રહે તેમજ સક્ષમ સતાધિકારી પાસેથી રીવાઇઝડ તાંત્રીક અને વહીવટી મંજૂરી મેળવવાની રહે છે. જે મુજબની કાર્યવાહી કરેલ નથી.

(૨) ગુજરાત સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગના જી.આર.નં.સીડબલ્યુએ-૨૦૦૪-૮૪૧-એમ-૩ તા.૩૦/૧/૦૬ ના ઠરાવ મુજબ તથા બગીચા જાળવણી અને નિભાવણીની શરતોની શરત નં.૪ મુજબ કિંમતના ૧ ટકા લેખે લેબરશેષ વસુલકરવાની થતી હતી. ૧% લેખે લેબરશેષ રૂ.૭૦,૮૯૧/- વસુલ કરી સરકારશ્રીમાં જમા કરાવવી રહે.

(૩) એજન્સીઓ પાસેથી ભરાઇને પરત મળેલ ટેન્ડરો, અનુભવ અને નાણાકીય સધ્ધરતાના પ્રમાણપત્રો-દસ્તાવેજો વગેરે ફાઇલ પર સામેલ ન હોય ઓડિટ ચકાસણી શકય બનેલ નથી. એજન્સીને થયેલ ચુકવણાનાં બીલો બગીચા શાખા દ્વારા અન્વેષણમાં રજુ થયેલ ન હોય કરેલ ચુકવણાની ચકાસણી થઇ શકેલ નથી.

(૪) ''સ્પેશ્યલ કંડીશન ઓન કોન્ટ્રાકટ'' નં.૧ મુજબ મહાનગરપાલિકા દ્વારા નિયુકત કરાયેલ અનુભવી ગાર્ડન સુપરવાઇઝર દ્વારા કામનું ટેકનીકલ સુપર વિઝન કરવામાં આવશે અને તેની તપાસણી દરમ્યાન યોગ્ય ગુણવત્તાવાળી કામગીરી થયેલ ન હોઇ તો તેને દુર કરી એજન્સી દ્વારા સ્વખર્ચે તે ફરી કરવાનું રહેશે. મહાનગરપાલિકા દ્વારા આશરે કુલ ૨,૨૯,૫૮૪ સ્કે.મી.ના બગીચાઓની જાળવણી માટે કયારે કેટલા સુપરવાઇઝરોની નિમણુંક કરવામાં આવેલ તેમજ તેમના કામગીરી રીપોર્ટ વગેરે અન્વેષણમાં રજુ થયેલ નથી.

(૫) બગીચા જાળવણી અને નિભાવણીના કામની શરતો અને સમજુતીઓ અનુસાર કામગીરી ત્રણ માસ અથવા તેથી વધારે સમય માટે સોંપવામાં આવેલ હશે તો કુલ વિસ્તારના ૨૫ ટકા માં ખાલી પડેલ ભાગોએ પુનઃ વાવેતર કરી આપવાનું રહેશે જેનું અલગથી કોઇ પેમેન્ટ આપવામાં આવશે નહિ. એજન્સીઓ દ્વારા આવું પુનઃ વાવેતર સમયાંતરે થયાના આધારો રજુ કરેલ નથી.

મહાનગરપાલિકા રાજકોટના ઉકત ફકરઓમાંથી એકપણ ફકરાઓના જવાબ આવેલ નથી.